**આજનો સુવિચાર**

"ગરીબી નમ્રતાની પરીક્ષા અને મિત્રતાની કસોટી કરે છે."

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૮ જૂનાગઢ તા.૦૫-૦૬-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 148, Junagadh : Date : 05 Jun, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ૧૦ વર્ષ બાદ દેશમાં ગઠબંધન સરકારનો યુગ પરત

નવી દિલ્હી, તા. ૫

મુખ્યમંત્રી હોય કે પ્રધાનમંત્રી, અત્યાર સુધી નરેન્દ્ર મોદીએ સંપૂર્ણ બહુમતીવાળી સરકાર જ ચલાવી છે. પરંતુ પ્રથમ વખત મોદીએ ૧૨ સાથી પક્ષો સાથે તાલમેલ રાખીને સરકાર ચલાવવી પડશે. નવી સરકારમાં ચંદ્રાબાબુ નાયડુ અને નિતીશકુમાર મજબુત સ્થિતિમાં રહેશે જેની અસર યુસીસી, એક દેશ, એક ચૂંટણી જેવા એજન્ડા ઉપર પણ પડશે. રાજકારણમાં પ્રવેશ બાદ અઢી દાયકાથી બહુમતી સાથે જ રાજ કરનાર વડાપ્રધાને ત્રીજી ટર્મમાં ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવાનું આવ્યું છે. ૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી બનાવવામાં આવેલા નરેન્દ્ર મોદીએ ત્રણ વખત ગુજરાતમાં મજબુત બહુમતીવાળી સરકાર રચી હતી. આ બાદ ૨૦૧૪થી કેન્દ્રમાં બે વખત સૌથી મોટા પક્ષ સહિત એનડીએની મોટી બહુમતી સાથે કામ કર્યુ છે. ભાજપ બે વખત એકલા હાથે બહુમતી લાવ્યો હતો. જેમાં આ વખતે ગાબડુ પડયું છે. આ ચૂંટણીમાં ભાજપને ૨૪૦ સીટ મળી છે જે બહુમતીથી ૨૨ બેઠક ઓછી છે. ટીડીપીના ૧૬ અને જેડીયુના ૧૨ સાંસદ જીત્યા છે. આ ૨૮ બેઠક ઉપરાંત શિવસેનાના શિંદે જુથની ૭ બેઠક છે. આ ઉપરાંત લોજપા (આર)ની પાંચ, જેએનપી અને રાલોદની બે-બે, એનસીપી, અપના દળ, એલજીપી, આજસુ અને એજીપીની એક-એક બેઠક છે. આ સિવાય અન્ય ૧૦ પક્ષોને જોડીને રાખવા પડશે. ગઠબંધન સરકાર છતાં નવી સરકાર પર કોઈ ચિંતા રહે જેવું હાલ લાગતું નથી. બિહારમાં નિતીશકુમારને ભાજપની તાકાતનો અંદાજ છે. તો મુખ્યમંત્રી તરીકે નાયડુને કેન્દ્રના સહકારની પણ જરૂર પડશે. તેઓ જુદા પડે તો પણ મોદી સરકારને બહુમતી ગુમાવવાનો ખતરો નહીં રહે. જોકે નિતીશકુમાર રાજય માટે ખાસ પેકેજ, જલ્દી ચૂંટણી માટે દબાણ લાવી શકે છે. ઉપરાંત બિહારમાં હવે ભાજપ માટે નિતીશને જ ચહેરો બનાવી રાખવો પડશે.

ભાજપની યોજના યુસીસી લાગુ કરવા, વન નેશન, વન ઈલેકશનમાં જલ્દી આગળ વધવાની હતી. હવે આવા એજન્ડા પર ભાજપ કઈ રીતે કામ કરે છે તે જોવાનું રહેશે. ભુતકાળમાં ગઠબંધન સરકારની મજબુરીઓના કારણે વાજપેયી સરકારે કલમ ૩૭૦, રામ મંદિર અને યુસીસી જેવા એજન્ડા પડતા મુકયા હતા. નવી સરકારમાં અગાઉની સરકાર કરતા સાથીદાર પક્ષના પ્રધાનોની સંખ્યા પણ વધી શકે છે.

# કિંગમેકર બનેલા ચંદ્રાબાબુ - નિતીશકુમાર ભાજપનું નાક દબાવશે ? સરકાર રચવાની પ્રક્રિયા શરૂ



નવી દિલ્હી તા.૫

લોકસભાની ચૂંટણીમાં ફરી એનડીએને બહુમતી હાંસલ થઈ ગઈ છે અને નવી સરકારની રચના માટેની તૈયારી શરૂ થઈ ગઈ છે.ભાજપને એકલા હાથે બહુમતી મળી નથી પરંતુ તેલુગુદેશમ પાર્ટી તથા જનતાદળ (યુ)દ્વારા એનડીએની સાથે જ રહેવાનું સ્પષ્ટ કરતાં નવી સરકારની રચના આડે અડચણ આવવાની સંભાવના નથી.

બપોરે ચાર વાગ્યે એનડીએના સાથી પક્ષોની બેઠકમાં સરકાર રચના માટેની રણનીતી નકકી થવાના સંકેત છે. નીતીશકુમારનાં જેડીયુ તથા ચંદ્રાબાબુ નાયડુના ટીડીપીનાં સવારે એનડીએને સરકાર રચવાની રહેશે જયારે આ બન્ને પાર્ટીઓ સમર્થનના બદલામાં ભાજપનું નાક દબાવે છે કે કેમ તેના વિશે પણ રાજકીય અટકળો રહી છે.

## આજે ચંદ્રાબાબુ અને નિતીશકુમાર રાષ્ટ્રપતિને મળીને એનડીએ સરકારને સમર્થન આપતો પત્ર રજુ કરશે

લોકસભાની તમામ ૫૪૩ બેઠકોનાં સતાવાર પરીણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. તે મુજબ એનડીએને ૨૯૨, ઈન્ડીયા ગઠબંધનને ૨૩૪ તથા અન્યોને ૧૭ બેઠકો છે. સતત ત્રીજી વખત એનડીએની સરકાર રચવાનું નિશ્ચિત બની ગયુ છે અને તે દિશામાં તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે. એનડીએની સરકાર રચવા માટે ભાજપને ટીડીપી તથા જેડીયુનો સાથ નિર્ણાયક બનવાનું સ્પષ્ટ છે. આ બન્ને પક્ષોની ૨૮ બેઠકો નિર્ણાયક બની હોવાનું સ્પષ્ટ છે. બન્ને પાર્ટી દ્વારા એનડીએની સાથે જ રહેવાનું જાહેર કરાયું છે.

જનતાદળ (યુ) ના મહામંત્રી કે.સી.ત્યાગીએ સ્પષ્ટ કર્યું હતું કે, પાર્ટી એનડીએ તથા મોદી સાથે જ રહેશે. ટીડીપીનાં નેતા ચંદ્રાબાબુ નાયડુએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમિત શાહ સાથે વાતચીત કરી હતી બન્ને નેતાઓ આજે એનડીએની બેઠકમાં પણ સામેલ થવાના છે. બપોરે ચાર વાગ્યે એનડીએના સાથી પક્ષોની બેઠક મળશે તેમાં સરકાર રચનાની રણનીતિ ઘડાશે. ટીડીપી તથા જેડીયુ ભાજપનું નાક દબાવે છે કે કેમ તેના પર રાજકીય નિષ્ણાંતોની નજર છે.

## નવી સરકારની શપથવિધિ માટે રાષ્ટ્રપતિ ભવનમાં ધમધમાટ

નવી દિલ્હી, તા.૫ઃ

સરકાર બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. **NDA** આજે અથવા આવતીકાલે સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકે છે. તેમણે બુધવારે પોતાના સાથીઓની બેઠક બોલાવી છે. વડાપ્રધાનો બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ટીડીપી નેતા ચંદ્રબાબુ નાયડુને આ બેઠકમાં ભાગ લેવા બોલાવ્યા છે. પરિણામો બાદ હવે સરકાર બનાવવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે. એક તરફ ભાજપ તેના સાથી પક્ષો સાથે વાતચીત કરી રહી છે તો બીજી તરફ વિપક્ષ ઈન્ડીયા બ્લોક પણ સક્રિય થઈ ગયો છે. પરિણામો બાદ **JDU** અને **TDP** આજે દિલ્હીમાં ભાજપને તેમના સમર્થન પત્રો સબમિટ કરશે, ત્યારબાદ ભાજપ સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ આજે કેબિનેટની બેઠક બોલાવી છે. સાથે જ એનડીએ ગઠબંધન અને ઈન્ડીયા બ્લોકે પણ તેમના સહયોગીઓની બેઠક બોલાવી છે.

## અયોધ્યામાં ભાજપની હાર કેમ થઈ ? સમગ્ર દેશમાં ચર્ચાતો સવાલ

અયોધ્યા તા. ૫

અયોધ્યામાં ભાજપની હારે દેશનાં રાજકીય ગલીયારામાં અનેક સવાલો સર્જી દીધા છે. રામમંદીર ભાજપનો માસ્ટર સ્ટ્રોક હતો તેમ છતાં અયોધ્યામાં જ ભાજપની હારે અનેક વમળો સર્જી દીધા છે. અયોધ્યામાં અખિલેશ યાદવની ફોર્મ્યુલા કામ કરી ગઈ અને સમાજવાદી પાર્ટીનાં ઉમેદવાર અવધેશ પ્રસાદની જીત થઈ જયારે ભાજપનાં ઉમેદવાર લલ્લુસિંહની હારથી ભાજપ જ નહી પરંતુ કમિટેડ મતદારોએ પણ ભારે આંચકો અનુભવ્યો છે. ઉત્તરપ્રદેશનાં રાજકારણમાં યોગી આદિત્યનાથ અને રામમંદિરનો હંમેશા દબદબો રહયો છે પરંતુ આ વખતનાં પરીણામોએ ભારે ઉલટફેર કર્યો છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીએ ૩૭ બેઠકો જીતીને યોગી અને ભાજપ હાઈકમાન્ડને ભારે આંચકો આપ્યો છે. યુપીનાં આંચકાજનક પરીણામોએ જ ભાજપને બહુમતીથી દુર રાખ્યો છે. ઉત્તરપ્રદેશની ફૈઝાબાદ બેઠકમાં સંવર્ણોની વસ્તી ૨૯ ટકા, યાદવ ૧૩ ટકા, અનુ. જાતિ ૨૪ ટકા અને અનુ.જનજાતિ ૧ ટકા અને મુસ્લીમો ૧૭ ટકા છે. આ સંજોગોમાં અખિલેશ યાદવે પીડીએ ફોર્મ્યુલા અપનાવી હતી જે સફળ રહી હતી અને ભાજપનો દાવ ઉંધો પડયો હતો. યુપીમાં જબરદસ્ત જીત સાથે સમાજવાદી પાર્ટી બીજી સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. રામમંદિર હોવા છતાં અયોધ્યામા ભાજપની હારે સોશ્યલ મીડીયા પર ગઈકાલે ભારે ધમાસાણ મચાવી દીધું હતું.

## અબકી બાર ૪૦૦ પારનાં સુત્રએ સટ્ટાબજારમાં કત્લેઆમ કરી નાખી : બુકીઓ કમાયા, પંટરો ધોવાયા

નવી દિલ્હી,તા. ૫ઃ

લોકસભાની ચૂંટણી આ વખતે બૂકી આલમમાં પણ હોટ ઈશ્યૂ બની હતી. બૂકી બજારમાં તમામ તબક્કાના મતદાન બાદ ખૂલેલા ભાવો અને તેના પર અસંખ્ય પંટરોએ ખેલેલા કરોડોના સટ્ટામાં આજે પરિણામ જાહેર થતાં ભાજપનો વિજય તો થયો છે પરંતુ જે પ્રમાણે ભાજપના ભાવો સટ્ટાબજારમાં ખૂલ્યા તે જોતા બૂકીઓ કમાયા છે અને પંટરોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. નોંધનીય છે કે, અબ કી બાર ૪૦૦ પારના સૂત્રને આધારે પંટરોને આંધળા બની ભાજપ પર નસીબ અજમાવવાનું ભારે પડ્યું છે. બીજી તરફ, દુબઈના મોટા ગજાના કેટલાક પંટરોએ પહેલાંથી જ ભાજપની બેઠકો નહીં આવે તેવો સોદા કરતા તેઓ અબજો રૂપિયા કમાઈ ગયા છે.

ઈલેક્શન જાહેર થયું ત્યારે જ બૂકીઓએ ભાજપની બેઠકો પરના ભાવ જારી કર્યાં હતા. જેમાં સૌથી પ્રથમ ભાવ ખૂલતા એકલા ભાજપ (ગઠબંધન વગર) ૩૩૭-૩૩૯ સીટ પર ફેવરિટ હતો. ત્યારબાદ દુબઈના મોટા પંટરોએ અબજો રૂપિયામાં ખાવા (ભાજપ આટલી સીટ નહીં જીતે)નું શરૂ કર્યું હતું. તેથી થોડા દિવસો બાદ ભાજપના ભાવ ૩૧૦-૩૧૨ સીટ પર આવી ગયા હતા. તમામ તબક્કાની ચૂંટણી પત્યાબાદ એકઝિટ પોલ પણ ભાજપની તરફે આવ્યા હતા ત્યારે ફરી બેઠકોના ભાવ વધી ૩૧૫-૩૧૭ સુધી પહોંચી ગયા હતા. મતગણતરી શરૂ થઈ ત્યારે ભાજપનો ભાવ ૩૧૫ પર શરૂ થયો હતો. ત્યારબાદ ભાવ ઘટતા ઘટતા એક તબક્કે ૨૪૦ બેઠક પર પહોંચી ગયો હતો. પરંતુ ત્યારબાદ ૨૫૩-૨૫૪ બેઠકો સુધી ભાવ પહોંચ્યો હતો અને બપોરે બૂકીઓએ સોદા લેવાનું બંધ કર્યું હતું.

## વારાણસીમાં નરેન્દ્ર મોદીનાં જીતનું માર્જીન ૧.૫૨ લાખ જયારે રાયબરેલીમાં રાહુલ ગાંધીની લીડ ૩.૯૦ લાખ

નવી દિલ્હી તા. ૫

આ વખતનાં ચૂંટણી પરીણામોએ રાજકીય દિગ્ગજોનાં માથા ખંજવાળતા કરી દીધા છે. વારાણસી બેઠક પર સતત ત્રીજીવાર ચૂંટણી લડેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જીતનું માર્જીન આ વખતે ઘટીને માત્ર ૧.૫૨ લાખનું થઈ ગયું. અગાઉ ૨૦૧૯માં મોદી ૪.૮૦ લાખ અને ૨૦૧૪માં પાંચ લાખ મતથી જીત્યા હતા. પરંતુ આ વખતે મોદીની જીતનું માર્જીન આશ્ચર્યજનક રીતે ઘટીને ૧.૫૦ લાખ થઈ ગયું છે.

બીજી તરફ રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડેલા રાહુલ ગાંધીએ ૩.૯૦ લાખનાં મતની લીડથી જીત મેળવી છે. આમ મોદી અને રાહુલ ગાંધીનાં જીતનાં માર્જીને રાજકીય નિષ્ણાંતોને પણ વિચારતા કરી દીધા છે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાનો ગ્રાફ ઉંચો હોવા છતાં વારાણસી બેઠક પર તેમની જીતનું માર્જીન ઘટી જતાં આમ થવા પાછળનું કારણ શોધવા માટે મનોમંથન થઈ રહયું છે.

## લોકસભાની ચૂંટણીમાં જીતનું વધુમાં વધુ માર્જીન ૧૧.૭૨ લાખ ઓછામાં ઓછું માત્ર ૪૮ મત !!

મુંબઈ-ઈંદોર તા.૫ઃ

લોકસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થઈ ગયા છે. જેમાં ઈંદોર બેઠક પર વિજેતા બનનાર ભાજપના ઉમેદવાર શંકર લાલવાણી ૧૧.૭૨ લાખની સરસાઈથી ચૂંટણી જીત્યા છે. ઈંદોર બેઠક પરથી કોંગ્રેસનાં ઉમેદવારે ફોર્મ પાછુ ખેંચી લીધુ હતું. અહીં આશ્ચર્યજનક રીતે નોટામાં ૨,૧૮,૬૭૪ વોટ પડયા હતા જે પણ એક નોંધનીય ઘટના બની છે.

બીજી તરફ શિવસેના (એકનાથ શિંદે જૂથ)ના ઉમેદવાર રવિન્દ્ર વાયકર મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા બેઠક પરથી માત્ર ૪૮ મતોથી જીત્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં આ સૌથી ઓછા અંતરથી મળેલી જીત છે. મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પર તેમના પ્રતિસ્પર્ધીને માત્ર ૪૮ વોટથી હરાવવાના પ્રશ્ન પર વાઈકરે કહ્યું કે, લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય હોય છે. વાજપેયીજીની સરકાર માત્ર એક મતથી પડી ગઈ હતી.

## આજે ઈન્ડીયા ગઠબંધનની પણ બેઠક રણનીતિ નકકી થશે

નવી દિલ્હી તા.૫

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી, **I.N.D.I.A** ગઠબંધનની ભાવિ રણનીતિ નક્કી કરવા માટે આજે સાંજે બેઠક મળશે. આ બેઠકમાં નક્કી કરવામાં આવશે કે મહાગઠબંધન વિપક્ષમાં બેસશે કે સરકાર બનાવવાનો પ્રયાસ કરશે.

**INDIA**ના પક્ષોની આ બેઠક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસ સ્થાને યોજાશે. આ બેઠક ઉપરાંત કોંગ્રેસ પાર્ટીની બેઠક પણ યોજાશે. જેમાં મહાગઠબંધનના નેતાઓ સાથેની બેઠકમાં શું વલણ અપનાવવું તે નક્કી કરવામાં આવશે. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ મંગળવારે પરિણામો બાદ કહ્યું હતુ કે અમે બેઠક બાદ જ આગળની રણનીતિ જણાવીશું. તેમજ, રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે વિપક્ષમાં બેસવું કે સરકાર બનાવવાનો નિર્ણય બેઠકમાં જ લેવામાં આવશે.


**મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલાટવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.

સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬




**પ્રાપ્ત થતી સુવિધાઓ :**

જુલાય વાડા, જૂનાગઢ.
મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨

**પર્યાવરણ દિનની હાર્દિક શુભેચ્છા...** adani



વિરાટ કૉમ્પ્રેસિવ સ્ટ્રેન્થ

અંબુજા સિમેન્ટ

Now Part of the Adani Groups

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

## :: જીતેલા/હારેલા ઉમેદવારો ::

| નામ | બેઠક | પક્ષ | હાર / જીત |
|---|---|---|---|
| નરેન્દ્ર મોદી | વારાણસી | ભાજપ | જીત |
| અમિત શાહ | ગાંધીનગર | ભાજપ | જીત |
| રાહુલ ગાંધી | વાયનાડ | કોંગ્રેસ | જીત |
| સી. આર. પાટિલ | નવસારી | ભાજપ | જીત |
| મનસુખ માંડવિયા | પોરબંદર | ભાજપ | જીત |
| વિનોદ ચાવડા | કચ્છ (SC) | ભાજપ | જીત |
| ડૉ રેખાબેન ચૌધરી | બનાસકાંઠા | ભાજપ | હાર |
| ભરતસિંહ ડાભી | પાટણ | ભાજપ | જીત |
| હરિભાઈ પટેલ | મહેસાણા | ભાજપ | જીત |
| શોભના બારૈયા | સાબરકાંઠા | ભાજપ | જીત |
| અમિત શાહ | ગાંધીનગર | ભાજપ | જીત |
| હસમુખ પટેલ | અમદાવાદ પૂર્વ | ભાજપ | જીત |
| દિનેશ મકવાણા | અમદાવાદ પશ્ચિમ (SC) | ભાજપ | જીત |
| ચંદુભાઈ શિહોરા | સુરેન્દ્રનગર | ભાજપ | જીત |
| પરસોત્તમ રૂપાલા | રાજકોટ | ભાજપ | જીત |
| પૂનમબેન માડમ | જામનગર | ભાજપ | જીત |
| રાજેશભાઈ ચુડાસમા | જૂનાગઢ | ભાજપ | જીત |
| ભરતભાઈ સુતરીયા | અમરેલી | ભાજપ | જીત |
| નીમુંબેન બામભણિયા | ભાવનગર | ભાજપ | જીત |
| મિતેશ પટેલ | આણંદ | ભાજપ | જીત |
| દેવુસિંહ ચૌહાણ | ખેડા | ભાજપ | જીત |
| રાજપાલસિંહ જાદવ | પંચમહાલ | ભાજપ | જીત |
| જસવંતસિંહ ભાભોર | દાહોદ (ST) | ભાજપ | જીત |
| ડો.હેમાંગ જોશી | વડોદરા | ભાજપ | જીત |
| જશુભાઈ રાઠવા | છોટા ઉદેપુર (ST) | ભાજપ | જીત |
| મનસુખ વસાવા | ભરૂચ | ભાજપ | જીત |
| પ્રભુભાઈ વસાવા | બારડોલી (ST) | ભાજપ | જીત |
| ધવલ પટેલ | વલસાડ (ST) | ભાજપ | જીત |
| નીતેષ લાલણ | કચ્છ (SC) | કોંગ્રેસ | હાર |
| ગેનીબેન ઠાકોર | બનાસકાંઠા | કોંગ્રેસ | જીત |
| ચંદનજી ઠાકોર | પાટણ | કોંગ્રેસ | હાર |
| રામજી ઠાકોર | મહેસાણા | કોંગ્રેસ | હાર |
| તુષાર ચૌધરી | સાબરકાંઠા | કોંગ્રેસ | હાર |
| સોનલ પટેલ | ગાંધીનગર | કોંગ્રેસ | હાર |
| હિંમતસિંહ પટેલ | અમદાવાદ પૂર્વ | કોંગ્રેસ | હાર |
| ભરત મકવાણા | અમદાવાદ પશ્ચિમ (SC) | કોંગ્રેસ | હાર |
| ઋત્વિક મકવાણા | સુરેન્દ્રનગર | કોંગ્રેસ | હાર |
| પરેશ ધાનાણી | રાજકોટ | કોંગ્રેસ | હાર |
| લલિત વસોયા | પોરબંદર | કોંગ્રેસ | હાર |
| જે.પી.મારવિયા | જામનગર | કોંગ્રેસ | હાર |
| હિરા જોટવા | જૂનાગઢ | કોંગ્રેસ | હાર |
| જેની ઠુંમર | અમરેલી | કોંગ્રેસ | હાર |
| ઉમેશ મકવાણા(છછઁ) | ભાવનગર | કોંગ્રેસ | હાર |
| અમિત ચાવડા | આણંદ | કોંગ્રેસ | હાર |
| કાળુસિંહ ડાભી | ખેડા | કોંગ્રેસ | હાર |
| ગુલાબસિંહ ચૌહાણ | પંચમહાલ | કોંગ્રેસ | હાર |
| ડૉ.પ્રભા તાવિયાડ | દાહોદ (ST) | કોંગ્રેસ | હાર |
| જસપાલસિંહ પઢિયાર | વડોદરા | કોંગ્રેસ | હાર |
| સુખરામ રાઠવા | છોટા ઉદેપુર (ST) | કોંગ્રેસ | હાર |
| ચૈતર વસાવા(છછઁ) | ભરૂચ | આપ | હાર |
| સિદ્ધાર્થ ચૌધરી | બારડોલી (ST) | કોંગ્રેસ | હાર |
| નૈષધ દેસાઈ | નવસારી | કોંગ્રેસ | હાર |
| અનંત પટેલ | વલસાડ (ST) | આપ | હાર |
| કિરણ રિજિજુ | અરૂણાચલ પશ્ચિમ | ભાજપ | જીત |
| સર્વાનંદ સોનોવાલ | દિબ્રુગઢ | ભાજપ | જીત |
| ગિરિરાજ સિંહ | બેગૂસરાય | ભાજપ | જીત |
| રવિશંકર પ્રસાદ | પટના સાહિબ | ભાજપ | |
| મનોહરલાલ ખટ્ટર | કરનાલ | ભાજપ | |
| કંગના રનૌત | મંડી | ભાજપ | જીત |
| અનુરાગ ઠાકુર | હમીરપુર | ભાજપ | જીત |
| જ્યોતિરાદિત્ય સિંધિયા | ગુના | ભાજપ | |
| શિવરાજસિંહ ચૌહાણ | વિદિશા | ભાજપ | જીત |
| દિગ્વિજય સિંહ | રાજગઢ | કોંગ્રેસ | |
| નવનીત રાણા | અમરાવતી | ભાજપ | હાર |
| નીતિન ગડકરી | નાગપુર | ભાજપ | |
| પીયુષ ગોયલ | મુંબઈ ઉત્તર | ભાજપ | |
| પંકજા મુંડે | બીડ | ભાજપ | |
| પ્રતાપ ચંદ્ર સારંગી | બાલાસોર | ભાજપ | |
| ભૂપેન્દ્ર યાદવ | અલવર | ભાજપ | જીત |
| ગજેન્દ્રસિંહ શેખાવત | જોધપુર | ભાજપ | જીત |
| ઓમ બિરલા | કોટા | ભાજપ | જીત |
| કે. અન્નામલાઈ | કોઈમ્બતુર | ભાજપ | |
| જી. કિશન રેડ્ડી | સિકંદરાબાદ | ભાજપ | જીત |
| અરુણ ગોવિલ | મેરઠ | ભાજપ | જીત |
| અતુલ ગર્ગ | ગાઝિયાબાદ | ભાજપ | |
| હેમા માલિની | મથુરા | ભાજપ | |
| સાક્ષી મહારાજ | ઉન્નાવ | ભાજપ | |
| રાજનાથ સિંહ | લખનઉ | ભાજપ | |
| સ્મૃતિ ઈરાની | અમેઠી | ભાજપ | હાર |
| મેનકા ગાંધી | સુલ્તાનપુર | ભાજપ | હાર |
| સાધ્વી નિરંજન જ્યોતિ | ફતેહપુર | ભાજપ | |
| રવિ કિશન | ગોરખપુર | ભાજપ | |
| રાહુલ ગાંધી | રાયબરેલી | કોંગ્રેસ | જીત |
| ત્રિવેન્દ્રસિંહ રાવત | હરિદ્વાર | કોંગ્રેસ | |
| મનોજ તિવારી | ઉત્તર પૂર્વી દિલ્હી | ભાજપ | |
| ભૂપેશ બઘેલ | રાજનાંદગાવ | ભાજપ | હાર |
| શશિ થરૂર | તિરુવનંતપુરમ | કોંગ્રેસ | જીત |
| માધવી લતા | હૈદરાબાદ | કોંગ્રેસ | હાર |
| રવિન્દ્રસિંહ ભાટી | બાડમેર | અપક્ષ | હાર |
| ઉજ્જ્વલ નિકમ | મુંબઈ નોર્થ | ભાજપ | હાર |
| હંસરાજ હંસ | ફરીદકોટ | ભાજપ | |
| અશોક તંવર | સિરસા | ભાજપ | |
| ડૉ. જિતેન્દ્રસિંહ | ઉધમપુર | ભાજપ | |
| તેજસ્વી સૂર્યા | બેંગ્લોર દક્ષિણ | ભાજપ | જીત |
| સુપ્રિયા સુલે | બારામતી | એનસીપી | |
| અર્જુનરામ મેઘવાલ | બિકાનેર | ભાજપ | |

### અખિલેશ યાદવે પાડ્યો ખેલ

# અયોધ્યામાં ભાજપને રામના આશિર્વાદ ન મળ્યા

## ભાજપને આંચકો ઉત્તર પ્રદેશમાં લાગ્યો છે જ્યાં પાર્ટી ૨૦૧૯ના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી

અયોધ્યા, તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મત ગણતરી ચાલુ છે. અત્યાર સુધીના વલણો મુજબ ભાજપ પોતાના દમ પર બહુમતીથી દૂર છે. ભાજપને સૌથી મોટો આંચકો ઉત્તર પ્રદેશમાં લાગ્યો છે જ્યાં પાર્ટી ૨૦૧૯ના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, સમાજવાદી પાર્ટી ૩૬ બેઠકો પર આગળ છે જ્યારે સહયોગી કોંગ્રેસ સાત બેઠકો પર આગળ છે. ભાજપ ૩૩ બેઠકો પર આગળ છે. ફૈઝાબાદ સીટ પરથી ભાજપની સૌથી મજબૂત લડાઈ છે.

ફૈઝાબાદ સીટ અયોધ્યા સીટ તરીકે ઓળખાય છે. ફૈઝાબાદ સીટ પર સપાના અવધેશ પ્રસાદ ભાજપના ઉમેદવાર લલ્લુ સિંહથી ૫૦ હજાર મતોથી આગળ ચાલી રહ્યા છે. અયોધ્યા રામ મંદિર નિર્માણનો મુદ્દો ભાજપના ચૂંટણી પ્રચારનો મહત્વનો ભાગ હતો. જો કે, અયોધ્યામાં જ ભાજપની હાર થઈ છે. ભારતીય જનતા પાર્ટી ઉત્તર પ્રદેશની ફૈઝાબાદ લોકસભા સીટ પર પાછળ છે. ભાજપે આ સીટ પર લલ્લુ સિંહને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. લલ્લુ સિંહ અંદાજે ૫૫ હજાર મતોના માર્જિનથી સપાના ઉમેદવાર અવધેશ પ્રસાદથી પાછળ છે.

તમને જણાવી દઈએ કે ભાજપ ૨૦૧૪થી ફૈઝાબાદ સીટ જીતી રહી છે. ચૂંટણી પ્રચારમાં રામમંદિરના અભિષેક અને ભાજપના નેતાઓ દ્વારા રામમંદિરનો ઉલ્લેખ કર્યા પછી પણ અહીંના વલણોમાં ભાજપને ફટકો પડતો જણાય છે.

ફૈઝાબાદ સીટ પરથી ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર અવધેશ પ્રસાદ ટ્રેન્ડમાં આગળ છે. જ્યારે બસપાએ અહીંથી સચ્ચિદાનંદ પાંડેને ઉમેદવાર બનાવ્યા હતા, જેઓ ઘણા પાછળ છે. ટ્રેન્ડ જોતાં એવું લાગે છે કે અહીં ચૂંટણી દરમિયાન રામમંદિરને લઈને જે મુદ્દો ઊભો થયો છે તેને વધુ મહત્ત્વ મળતું નથી એ તો ટુંક સમયમાં જ ખબર પડી જશે. પરંતુ લલ્લુ સિંહ ટ્રેન્ડમાં હારતા જોવા મળી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે હિંદુત્વની રાજનીતિનું કેન્દ્ર હોવા છતાં, આ શહેર ભાજપનો ગઢ નથી રહ્યું, વિવિધ પક્ષોના નેતાઓ અહીંથી ચૂંટણી જીત્યા છે. ૧૯૯૧થી અહીં વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપનો દબદબો રહ્યો છે, પરંતુ ફૈઝાબાદ લોકસભા સીટ પર ઉત્તર પ્રદેશની ત્રણેય મોટી પાર્ટીઓ ભાજપ, સપા અને કોંગ્રેસે અલગ-અલગ ચૂંટણીમાં પોતાની જીત નોંધાવી છે.

### અમિતાભ બચ્ચન જે સીટ પર સાંસદ હતા તે સીટ પર

# ૪૦ વર્ષ બાદ કોંગ્રેસનો દુષ્કાળ સમાપ્ત થયો છે

## અલ્હાબાદના કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાબા અભય અવસ્થીએ કહ્યું કે અમિતાભ બચ્ચન બાદ કોંગ્રેસે ૪૦ વર્ષ બાદ આ બેઠક પરથી ચૂંટણી જીતી છે

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થઈ ગયા છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ ફરી એકવાર સરકાર બનાવવા જઈ રહી છે. પરંતુ ચૂંટણી વચ્ચે ઉત્તર પ્રદેશની અલ્હાબાદ સીટ ફરી એકવાર સમાચારોમાં છે. અલ્હાબાદ સીટ પરથી અમિતાભ બચ્ચનની જીતના લગભગ ૪૦ વર્ષ બાદ કોંગ્રેસ ફરી એકવાર આ સીટ પર જીત મેળવી છે. અલ્હાબાદ સીટ પરથી જીત્યા બાદ કોંગ્રેસના ઉમેદવાર ઉજ્જવલ રમણ સિંહે આ સીટ પર પાટીનો ૪૦ વર્ષનો દુષ્કાળ ખતમ કરી દીધો છે.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ઉજ્જવલ રમણ સિંહે તેમના નજીકના હરીફ ભાજપના નીરજ ત્રિપાઠીને ૫૮,૭૯૫ મતોના માર્જિનથી હરાવ્યા હતા. સિંહને ૪.૬૨ લાખથી વધુ વોટ મળ્યા જ્યારે ત્રિપાઠીને ૪.૦૩ લાખથી વધુ વોટ મળ્યા.અલ્હાબાદના કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાબા અભય અવસ્થીએ કહ્યું કે અમિતાભ બચ્ચન બાદ કોંગ્રેસે ૪૦ વર્ષ બાદ આ બેઠક પરથી ચૂંટણી જીત નોંધાવી છે. અમિતાભ બચ્ચન ૧૯૮૪માં કોંગ્રેસની ટિકિટ પર આ સીટ પરથી જીત્યા હતા.તેમણે કહ્યું કે ૧૯૮૪ પહેલા પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી ૧૯૫૭ અને ૧૯૬૨માં અલ્હાબાદ સીટ પરથી જીત્યા હતા. ૧૯૬૬માં શાસ્ત્રીના અવસાન બાદ તેમના પુત્ર હરિકિશન શાસ્ત્રીએ ૧૯૬૭માં આ જ બેઠક પરથી ચૂંટણી જીતી હતી.તેમણે કહ્યું કે ૧૯૮૪ પછી અનિલ શાસ્ત્રી, કમલા બહુગુણા, સત્યપ્રકાશ માલવિયા જેવા ઘણા મોટા નેતાઓ આ બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા પરંતુ જીતી શક્યા ન હતા.૨૦૧૪થી આ બેઠક ભાજપના ખાતામાં જ રહી છે. ૨૦૧૪માં બીજેપીના શ્યામચરણ ગુપ્તા અલ્હાબાદ સીટ પરથી જીત્યા હતા. આ પછી ૨૦૧૯માં ભાજપના રીટા બહુગુણા જોશીએ જીતનો ઝંડો લહેરાવ્યો હતો.સમાજવાદી પાટીના વરિષ્ઠ નેતા અને અલ્હાબાદ બેઠક પરથી બે વખત સાંસદ રહેલા રેવતી રમણ શાસ્ત્રીના પુત્ર ઉજ્જવલ રમણ સિંહ (૫૧) પ્રયાગરાજ જિલ્લાની કરચના બેઠક પરથી ધારાસભ્ય રહી ચૂક્યા છે.ઈન્ડિયા બ્લોક હેઠળ અલાહાબાદ સીટ કોંગ્રેસમાં ગયા પછી, સિંહ સમાજવાદી પાટી છોડીને કોંગ્રેસમાં જોડાયા. આ પછી પાટીએ તેમને અલ્હાબાદ સીટ પરથી ઉમેદવાર જાહેર કર્યા.તે જ સમયે, ભાજપના નેતા અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ રાજ્યપાલ, સ્વર્ગસ્થ કેસરીનાથ ત્રિપાઠીના પુત્ર નીરજ ત્રિપાઠી (૫૭)ને એપ્રિલ મહિનામાં ભાજપ દ્વારા અલ્હાબાદ સીટના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા. આ પહેલા ત્રિપાઠી ઉત્તર પ્રદેશ સરકારના એડિશનલ એડવોકેટ જનરલ હતા.આ સીટ પર ૨૫મી મેના રોજ ચૂંટણી યોજાઈ હતી.

### લોકસભા ૨૦૨૪ની ચૂંટણી ખતમ

# હવે ટીવી, મોબાઈલ રિચાર્જ કરાવવું ૧૫થી ૧૭ ટકા મોંઘું થવાની શક્યતા

## અત્યાર સુધી ચૂંટણીના કારણે જે ભાવવધારો અટકાવી રખાયો હતો તે હવે છુટથી થઈ શકશે

નવી દિલ્હી, તા.૫

ચૂંટણી પૂરી થવાની સાથે જ દેશમાં અલગ અલગ ચીજો અને સર્વિસના ભાવમાં વધારો થાય તેવી શક્યતા છે. અત્યાર સુધી ચૂંટણીના કારણે જે ભાવવધારો અટકાવી રખાયો હતો તે હવે છુટથી થઈ શકશે. સૌથી પહેલા તો દૂધના ભાવમાં લિટર દીઠ બેથી ત્રણ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ત્યાર પછી એક્સપ્રેસ વે પર ટોલના દર પાંચ ટકા સુધી વધી ગયા છે. હવે થોડા જ દિવસોમાં ટીવી જોવાનું અને મોબાઈલ રિચાર્જ કરવાનું પણ મોંઘું થશે. ટીવી ચેનલોના દરમાં ૧૦ ટકા સુધીનો ભાવવધારો મંજૂર કરવામાં આવ્યો છે અને મોબાઈલ રિચાર્જનો દર ૧૫થી ૧૭ ટકા સુધી વધી જાય તેવી શક્યતા છે.ટેલિકોમ કંપનીઓ ઘણા સમયથી મોબાઈલ સર્વિસના ટેરિફમાં વધારો કરવા માટે માંગણી કરી રહી હતી પરંતુ ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વધારો રોકી રખાયો હતો. આ વર્ષે મોબાઈલ સર્વિસ ટેરિફમાં ૧૫-૧૭%નો વધારો થઈ શકે છે. કેટલીક કંપનીઓ તેના પ્રીમિયમ વપરાશકારોને અનલિમિટેડ ડેટા આપતી હતી પરંતુ તે બંધ થવાની શક્યતા છે. કેટલાક નિષ્ણાતો માને છે કે મોબાઈલ ફોન સેવાઓ લગભગ ૨૦% મોંઘી થશે. ટેરિફ વધારવામાં આવશે ત્યારે ૪જીની તુલનામાં ૫જી સેવા માટે ૫-૧૦% વધુ ચાર્જ વસૂલવામાં આવી શકે છે.ટેલિકોમ કંપનીઓ યુઝર દીઠ આવક વધારવાની યોજના ધરાવે છે કારણ કે તેમણે ફોરજી અને ફાઈવજી સ્પેક્ટ્રમ માટે જે ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે તેનું વળતર નથી મળી રહ્યું. એરટેલ તેની યુઝર દીઠ આવક રૂ. ૨૦૮ થી વધારીને રૂ. ૨૮૬ કરવા માગે છે. તેના માટે ટેરિફમાં લગભગ ૫૫ રૂપિયાનો વધારો કરવો પડશે. જિયોના રિચાર્જનો દર પણ ૧૫ ટકા વધી શકે છે. મોબાઈલ ટેરિફમાં છેલ્લે નવેમ્બર, ૨૦૨૧માં વધારો કરવામાં આવ્યો હતો. તે સમયે વોડાફોન આઈડિયાએ ટેરિફમાં લગભગ ૨૦%, ભારતી એરટેલ અને જિયોએ ૨૫% જેટલો વધારો કર્યો હતો. ત્યાર પછી હવે વધારો કરવો પડે તેવી સ્થિતિ છે.ટીવી જોનારા વર્ગ માટે પણ ખરાબ સમાચાર છે. ડિઝની સ્ટાર, વાયાકોમ ૧૮, ઝી એન્ટરટેન્મેન્ટ અને સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયાએ ચેનલના ભાવ વધારવા માગણી કરી છે. લોકસભાની ચૂંટણીના પરિણામ આવી ગયા છે તેથી આ રેટ વધવાના છે. ટીવી સબસ્ક્રિપ્શન રેટમાં ૫થી ૮ ટકાનો વધારો થઈ શકે છે. એટલે કે માસિક સબસ્ક્રિપ્શનનો દર ૫૦૦ રૂપિયા હોય તો હવે તમારે ૫૪૦ રૂપિયાનું રિચાર્જ કરાવવું પડશે. ટીવી ચેનલો દ્વારા બૂકે રેટમાં પણ જાન્યુઆરીમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. હવે એવું કહેવાય છે કે **Viacom18** ના દરમાં ૨૫ ટકાનો વધારો થશે.

# ઉનાના વાજડી ગામે ત્રિદીવસીય પ્રાણ પ્રતીષ્ઠા મહોત્સવ યોજાયો



(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૫

સમસ્ત જુની વાજડી ગામ દ્વારા આયોજીત ભગવાન શ્રી રામ, કૃષ્ણ અને શિવજી નુતન મંદિર ત્રી દિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ઊના તાલુકાના વાજડી ગામે આજ રોજ ભગવાન સિતારામ, રાધા કૃષ્ણ અને શિવ પાર્વતીજી નુ મંદિર બનાવ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વાજડી ગામના તમામ લોકો એ તન મન ધન થી સેવા કરી અને વાજડી ગામના તમામ લોકો એ અને દિકરી ઓએ હાજરી આપી આ કાર્યક્રમમાં અભિવૃદ્ધિ કરી હતી.

સમસ્ત ગામમાં અયોધ્યાધામ જેવો ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો.

| | | | |
|---|---|---|---|
| ડિમ્પલ યાદવ | મેનપુરી | સપા | જીત |
| બાંસુરી સ્વરાજ | નવી દિલ્હી | ભાજપ | જીત |
| અફઝલ અન્સારી | ગાઝીપુર | સપા | |
| યુસુફ પઠાણ | બહરામપુર | ટીએમસી | જીત |
| મહુઆ મોઈત્રા | કૃષ્ણાનગર | ટીએમસી | |
| શત્રુઘ્ન સિંહા | આસનસોલ | ટીએમસી | |
| અખિલેશ યાદવ | કન્નોજ | સપા | |
| ચિરાગ પાસવાન | હાજીપુર | લોજપા | |
| કન્હૈયા કુમાર | ઉત્તર પૂર્વ દિલ્હી | કોંગ્રેસ | |
| કાર્તિ ચિદમ્બરમ | શિવગંગા | કોંગ્રેસ | જીત |
| મીસા ભારતી | પાટલી પુત્ર | આરજેડી | |
| રાજ બબ્બર | ગુડગાંવ | કોંગ્રેસ | |

# ગેનીબેન ઠાકોરનો વિજય થતાં વાવ વિધાનસભા બેઠક ઉપર હવે પેટાચૂંટણી યોજાશે

વાવ, તા.૫

ગુજરાતમાં લોકસભા ચૂંટણી અને પાંચ પેટા ચૂંટણીનું પરિણામ ગઈકાલે જાહેર થઈ ગયું છે. જેમાં કોંગ્રેસને ૨૬માંથી માત્ર ૧ જ બેઠક મળી છે. બનાસકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો ભવ્ય વિજય થતાં ૬૨ વર્ષે બનાસકાંઠામાં કોંગ્રેસનું ખાતું ખુલ્યું છે. ગેનીબેન ઠાકોરનો વિજય થતાં ખાલી પડેલી વાવ વિધાનસભા પર પેટા ચૂંટણી યોજવી પડશે. બનાસકાંઠામાં સિટિંગ ધારાસભ્ય સાંસદ બનતાં વાવ વિધાનસભાની બેઠક ખાલી પડી છે. વાવ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણીમાં કોંગ્રેસ ગુલાબસિંહ રાજપૂતને ટિકિટ આપી શકે છે તેવી અટકળો ચાલી રહી છે. ગુલાબસિંહ પીરાભાઈ રાજપૂત થરાદ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ગુજરાત વિધાનસભાના સભ્ય છે. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સભ્ય છે. તેઓ પ્રથમ વખત ૨૦૧૯માં થરાદમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ભારતીય યુવા કોંગ્રેસ યુવા પાંખના ભાગ એવા ગુજરાત યુથ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હતા.

# ખંભાળિયા નજીક ટ્રેનની અડફેટે શ્રમિક પરિવારની મુક બધિર બાળાનું કરૂણ મૃત્યું

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતીય શ્રમિક પરિવારની આઠ વર્ષની મુક બધિર બાળાનું ટ્રેનની અડફેટે કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રોમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જિલ્લાના મૂળ વતની અને હાલ ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામે રહી એક આસામીને ત્યાં કામ કરતા ધનુભાઈ મગનભાઈ અજનેર નામના ૩૦ વર્ષના યુવાનની આઠ વર્ષની પુત્રી સુનીતા કે જે સાંભળી કે બોલી શકતી ન હતી. આ બાળા ગઈકાલે મંગળવારે ભાતેલ ગામના વાડી વિસ્તારમાં હતી. ત્યારે રમતા રમતા તેણી આ વિસ્તારમાંથી પસાર થતા રેલવે ટ્રેક પર ચડી ગઈ હતી. એ દરમિયાન એકાએક ટ્રેન આવી ચડતા મુક બધિર એવી આ બાળા ટ્રેનના તોતિંગ વ્હીલ હેઠળ કચડાઈ ગઈ હતી અને તેણીનું લોહી લુહાણ હાલતમાં કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું.આ બનાવ અંગે મૃતક બાળાના પિતા ધનુભાઈ અજનેરએ અહીંની પોલીસને જાણ કરી છે. માસુમ બાળકીના અપમૃત્યુના આ બનાવે તેણીના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરાવી છે.

# અદાણી પોર્ટસ એક અબજ ટન કાર્ગો હેન્ડલ કરવાની યોજના તરફ અગ્રેસર

## વૈશ્વિક વિસ્તરણને આગળ ધપાવવા એક્વિઝિશન, ભાગીદારીની તૈયારી

અમદાવાદ, તા.૫

ભારતની સૌથી મોટાખાનગી પોર્ટ ઓપરેટરઅદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) વૈશ્વિક વિસ્તરણને આગળ ધપાવવા સતત અગ્રેસર છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની માલિકીની APSEZ આગામી ૫-૬ વર્ષમાં એક અબજ ટન કાર્ગો હેન્ડલ કરવાની યોજના ધરાવે છે. જેના થકી પોર્ટ ઓપરેટરને વૈશ્વિક વિસ્તરણ આગળ ધપાવવામાંવધુ વેગમળશે.



APSEZના પ્રવક્તાએ જણાવ્યું હતું કે "કંપની આગામી લાંબા ગાળાના વોલ્યુમ માર્ગદર્શન માટે એક અબજ ટન કાર્ગો હેન્ડલ કરવાની સીમાચિહ્નરૂપ યોજનાપર કામ કરી રહી છે''.APSEZ સમગ્ર ભારતના દરિયાકિનારા ઉપર ૧૫ પોર્ટ/ ટર્મિનલનું વિશાળ નેટવર્ક ધરાવે છે, જેની ક્ષમતા દર વર્ષે લગભગ ૬૨૭ મિલિયન ટન (mt) કાર્ગો હેન્ડલ કરવાની છે.

FY૨૪માં, APSEZએ ૪૨૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવાનો વિક્રમ સર્જ્યો હતો, જે ભારતના કુલ કાર્ગોના ૨૭ ટકા અને દેશના કન્ટેનર કાર્ગોનો ૪૪ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીના સ્થાનિક કાર્ગો વોલ્યુમમાં FY૨૪માં ૨૧ ટકાનો વધારો થયો હતો. સમગ્ર ભારતમાં તેની સરખામણીએ લગભગ ૭ ટકા કાર્ગો વૃદ્ધિ થઈ હતી. પોર્ટ ઓપરેટરે ચાલુ નાણાકીય વર્ષ માટે ૪૬૦-૪૮૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. વિદેશમાં APSEZ ની હાજરી હાઈફા બંદર સુધી મર્યાદિત છે.

જો કેઑસ્ટ્રેલિયા,ઇઝરાયેલ અને તાંઝાનિયામાં ઑપરેશન્સ અને મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ્સ તેમજ શ્રીલંકાના કોલંબો બંદર પર એક નવા કન્ટેનર ટર્મિનલનું નિર્માણ કરી રહ્યું છે. કંપની પ્રવક્તાના જણાવ્યા અનુસાર "APSEZ એહંમેશા ભારતમાં બમણું કે ત્રણ ગણુંપર્ફોમ કર્યું છે"તેમણે ઉમેર્યુ હતું કે ''જો ભારતીય કાર્ગો ૬-૬.૫ ટકાની વચ્ચે વધી રહ્યો છે, તો અમારા માટે ૧૨-૧૪ ટકાની વચ્ચે વૃદ્ધિ કરવી એ આશ્ચર્યજનક નથી કારણ કે અમે તે વેપારને આવરી લેવા માટે વ્યૂહાત્મક રીતે સ્થિત છીએ."

APSEZ વ્યાપારી તકોને આધારેઆંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરવાની યોજના ધરાવે છે. ઈઝરાયેલમાં હાઈફા બંદરની વ્યૂહાત્મક સ્થિતિ, શ્રીલંકામાં વેસ્ટ કન્ટેનર ટર્મિનલની વ્યૂહાત્મક સ્થિતિ એ તેના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. કંપનીનાતેના પોર્ટફોલિયોમાં અભિવૃદ્ધિ કરવા માટેઆંતરરાષ્ટ્રીય સ્તરે કોઈપણ પ્રકારની તકોને હંમેશા આવકારે છે.જો કે, આવનારા ૩ થી ૫ વર્ષમાં કંપની ભારતમાં પણખાસ વૃદ્ધિ જોઈ રહી છે. આગામી ૩ થી ૫ વર્ષના વ્યૂહાત્મક રોડમેપમાં કંપનીની મધ્યપૂર્વ, દક્ષિણપૂર્વ એશિયા, આફ્રિકા અને ભૂમધ્ય તરફ વિસ્તરણની યોજના ધરાવે છે. આ ચાર પ્રદેશો માટે વ્યૂહાત્મક એક્વિઝિશન, ભાગીદારી માટે તે આગળ વધી રહી છે.

# HOF ફર્નિચર : પર્યાવરણના સંરક્ષણ અને ટકાઉપણા માટે પ્રતિબદ્ધ

## અગ્રણી પ્રીમિયર ફર્નિચર ઉત્પાદકે તેમની કામગીરીમાં મજબૂત કાર્યક્ષમતા અને બગાડ ઘટાડવા જેવી પ્રક્રિયાને સંકલિત કરી છે



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૫

HOF ફર્નિચર દોષરહિત રીતે તૈયાર કરાયેલા પ્રીમિયર ફર્નિચર સોલ્યુશન્સનો પર્યાય છે, જે પર્યાવરણની સ્થિરતા અને જાળવણી માટે સમાન રીતે સમર્પિત છે. કંપની પ્રકૃતિમાંથી જે લે છે તેના કરતા વધુ પરત આપવામાં માને છે, અને તે હાંસલ કરવા માટે કંપનીએ વિવિધ ટકાઉ પદ્ધતિઓ અપનાવી છે. કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાથી લઈને સામગ્રીનો ફરી ઉપયોગ કરવા સુધી HOF પૃથ્વી ઉપર હકારાત્મક અસર કરવા માટે પ્રતિબદ્ધ છે.

HOF સૌંદર્યલક્ષી અને પર્યાવરણની દષ્ટિએ ટકાઉ ફર્નિચર બનાવવા માટે સંશોધન અને વિકાસમાં સતત રોકાણ કરે છે. ઈકો-ફ્રેન્ડલી સામગ્રી અને મોડ્યુલર ડિઝાઈનનો ઉપયોગ કરીને ઓછો બગાડ કરે છે, અને કંપની ટકાઉ ફર્નિચર ઉત્પાદનની સીમાઓને આગળ ધપાવે છે.

HOFની ઉત્પાદન સુવિધા ઉર્જાનો વપરાશ ઘટાડવા અને ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા સાથે અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે. ઉર્જા-કાર્યક્ષમ મશીનરીનો ઉપયોગ અને ઓપ્ટિમાઈઝ ઉત્પાદન પ્રક્રિયા કંપનીના તેના કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવાના પ્રયાસો દર્શાવે છે. વધુમાં HOFની ફેક્ટરી સૌર ઊર્જા દ્વારા સંચાલિત છે, જે પર્યાવરણ પ્રત્યે HOFની પ્રતિબદ્ધતાને વધુ રેખાંકિત કરે છે. કંપનીની પર્યાવરણ અંગે પ્રતિબદ્ધતા ઉપર વાત કરતા HOF ફર્નિચર એન્ડ મોરના ચેરમેન પ્રવીણ પટેલે જણાવ્યું હતું કે, ''HOF ફર્નિચરમાં અમે માનીએ છીએ કે અમારી જવાબદારી સુંદર ફર્નિચર બનાવવા ઉપરાંત વિસ્તરેલી છે, અને અમે એ પણ સુનિશ્ચિત કરીએ છીએ કે અમારા ઉત્પાદનો અને પ્રક્રિયાઓ પર્યાવરણમાં યોગદાન આપે. અમે પૃથ્વી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાના ભાગરૂપે અમારી કામગીરીના તમામ પાસાઓમાં સ્થિરતાને એકીકૃત કરીએ છીએ.''

HOF તેની ઉત્પાદન પ્રક્રિયામાં કચરો ઘટાડવા માટે પણ કટિબદ્ધ છે. સામગ્રીનો પુનઃઉપયોગ કરીને કંપનીએ સફળતાપૂર્વક વેસ્ટ ઘટાડી દીધો છે, આ સાથે જ કાઢી નાખેલી સામગ્રીમાંથી પાસપોર્ટ કવર, કીચેન અને મોબાઈલ કવર જેવા ઉત્પાદનો બનાવ્યા છે. ઉત્પાદનોમાં નકામા સામાનનો ઉપયોગ કરીને કચરો ઘટાડવા અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપે છે.

આ ઉપરાંત HOF મેનેજમેન્ટ સક્રિય પણે વિવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલી છે, જે ટકાઉપણું ફાળો આપે છે. અમરેલીનું નાના રાજકોટ ગામ કે જે ગુજરાત રાજ્યમાં છે. જ્યાં HOFએ ભૂગર્ભ રીચાર્જીંગ વોટર ટેબલ સાથે કુલ વિસ્તારને આવરી લેતા ૩.૫ કિમી વિસ્તારમાં ૪૫-૫૦ ફૂટ ઊંડા તળાવનો પુન વિકાસ કર્યો છે.

જે આ વિસ્તારમાં ખેતી અને અન્ય હેતુઓ માટે પાણીના સ્રોત તરીકે ઉપયોગ કરાય છે અને આ વિસ્તારમાં પાણીની સમસ્યા દૂર કરી છે. આ તળાવે ભૂગર્ભજળ પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરી છે, અને જળ સંરક્ષણમાં યોગદાન આપ્યું છે. HOFએ સમુદાય માટે જળ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે વરસાદી પાણીના સંગ્રહની પદ્ધતિનો પણ અમલ કર્યો છે. જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનના પાણીના સ્રોત ઉપર નિર્ભરતા ઓછી થઈ છે.

વર્ષ ૨૦૦૩થી HOF શિક્ષણ ક્ષેત્રમાં પણ જોડાયેલ છે, અને ચરખા ગામમાં તેઓએ ઈકો ક્લાસ બનાવ્યા છે. જેમાં દર વર્ષે અંદાજે ૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ લઈ રહ્યાં છે, આ મિશન પર્યાવરણીય જાગૃતિ લાવવાના હેતુ સાથે ચાલુ છે. કંપનીના ડિરેક્ટરો દ્વારા શરૂ કરવામાં આવેલા ક્લાસનો લાભ આસપાસના ૯ ગામના બાળકો લઈ રહ્યા છે.

જેઓ અહીં અભ્યાસ કરવા આવે છે. HOF ફર્નિચર એન્ડ મોર પ્રકૃતિ અને ટકાઉપણાને પ્રાધાન્ય આપીને વૈશ્વિક પર્યાવરણીય પ્રયાસોમાં યોગદાન આપવા માટે ગર્વ અનુભવે છે. તે સ્ટાઈલિશ અને કાર્યલક્ષી પરંતુ પર્યાવરણની દષ્ટિએ જવાબદારી દાખવીને ફર્નિચર બનાવવા માટે ઉદાહરણ પૂરૂ પાડીને અગ્રણી બનવા માટે પ્રતિબદ્ધ છે.

### ગુજરાતની પાંચ બેઠકો ઉપર પેટા ચૂંટણી યોજાઈ હતી

# પોરબંદરથી મોઢવાડિયા અને વિજાપુરથી સી.જે. ચાવડાની જીત

## ૨૦૨૨ માં ચાવડાએ પોતાનો મતવિસ્તાર બદલીને મહેસાણા જિલ્લાના વિજાપુરથી ચૂંટણી લડી હતી

પોરબંદર, તા.૫

દેશમાં આજે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર કરવામાં આવશે. આ સાથે જ ગુજરાતની પાંચ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી. પેટા ચૂંટણીના પણ પરિણામો જાહેર થઈ રહ્યા છે. ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર કોણ બાજી મારશે તેના પર સૌની નજર છે. પેટા ચૂંટણીમાં પોરબંદર બેઠક પરથી અર્જૂનભાઈ મોઢવાડિયાની જીત થઈ છે. અર્જૂનભાઈની ૧ લાખ ૧૮ હજાર મતથી જીત થઈ છે. જ્યારે વિજાપુર બેઠક પરથી સીજે ચાવડાની જીત થઈ છે.

સીજે ચાવડાએ કોંગ્રેસનો સાથ છોડી ભાજપના કેસરીયો કર્યા હતા. સીજે ચાવડા ત્રણ વખતના ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. જેમણે છેલ્લી વિધાનસભામાં મુખ્ય દંડકનું પદ સંભાળ્યું હતું જ્યારે તેઓ ગાંધીનગર ઉત્તર મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા. ૨૦૨૨ માં ચાવડાએ પોતાનો મતવિસ્તાર બદલીને મહેસાણા જિલ્લાના વિજાપુરથી ચૂંટણી લડી હતી. સીજે ચાવડા ૨૦૦૨માં ગાંધીનગર બેઠક પરથી ગુજરાત વિધાનસભામાં પણ ચૂંટાયા હતા. જો ૨૦૨૨ના વિજાપુર બેઠકના પરિણામની વાત કરીએ તો ચાવડાએ ભાજપના રમણ પટેલને હરાવી ૭૦૫૩ની લીડથી જીત નોંધાવી હતી.

અર્જુનભાઈ મોઢવાડિયા કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. તેમણે કોંગ્રેસથી નારાજ થઈ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતુ અને પછી ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા. અર્જુન મોઠવાડિયાની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો ૧૯૯૭ માં સત્તાવાર રીતે કોંગ્રેસ સાથે જોડાયા હતાં. તેઓ પ્રથમ વખત ૨૦૦૨ માં પોરબંદર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતાં. અર્જૂન મોઢવાડિયા ૨૦૦૪થી ૨૦૦૭ સુધી ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા રહ્યા હતા. તેઓ ફરી વર્ષ ૨૦૦૭માં પોરબંદર વિધાનસભા બેઠક ઉપરથી ધારાસભ્ય બન્યા હતા. આ પછી માર્ચ ૨૦૧૧ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા. તેઓ ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે અને કોંગ્રેસ પાર્ટીની કમાન પણ સંભાળી ચૂક્યા છે. એક સમયે અહેમદ પટેલ બાદ ગુજરાતમાં તેમની ગણના બીજા નંબર પર થતી હતી. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અર્જુન મોઢવાડિયા રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીનો ચહેરો હતા. તેમની ૨૦૨૨ની ચૂંટણીની વાત કરીએ તો તેમણે પોરબંદર બેઠક પરથી ભાજપના બાબુ બોખરિયાને હાર આપી હતી.

લોકસભાની સાથે વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી યોજાઈ હતી. વિધાનસભાની પાંચ બેઠકો માટે સરેરાશ ૬૨.૩૭ ટકા મતદાન થયું હતું. આ પાંચ બેઠકોમાં વિજાપુર, ખંભાત, પોરબંદર, વાઘોડિયા અને માણાવદર બેઠકનો સમાવેશ થાય છે. આ પાંચ પૈકી ખંભાત બેઠક પર સૌથી

# જૂનાગઢ શહેરના રેલ્વે સ્ટેશન,બસ સ્ટેશન તેમજ શહેરના તમામ ટેક્ષી સ્ટેન્ડ તેમજ રીક્ષા સ્ટેન્ડ ઉપર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશ્નર ઓમ પ્રકાશ અને નાયબ કમિશ્નર ઝાપડાના માર્ગદર્શન અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટની સૂચના અનુસાર જૂનાગઢ મહા નગરપાલિકા દ્વારા તા.૧/૬/ ૨૦૨૪ થી તાઃ૧૫/૬/૨૦૨૪ સુધી "નિર્મળ ગુજરાત ૨.૦'' અંતર્ગત જૂનાગઢ શહેરમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવેલ હોય તે મુજબ તા.૩/૬/ ૨૦૨૪ના રોજ જૂનાગઢ શહેરના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ શહેરના ૧ થી ૧૫ વોર્ડમાં આવતા તમામ બસ સ્ટોપ, ટેક્ષી સ્ટેન્ડ તેમજ રીક્ષા સ્ટેન્ડ ઉપર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં સેનેટરી ઈન્સપેકટર અને સુપર વાઈઝર તેમજ ૧૧૦ જેટલા સફાઈ કામદાર ૧ ટ્રેકટર અને ૧-જે . સી.બી. ની મદદથી સફાઈ કરવામાં આવી અને કચરો આશરે ૨.૫ ટન અને સી એન્ડ ડી વેસ્ટ ૧ ટન જેટલો નિકાલ કરવામાં આવ્યો હતો.

# રાજ્ય સરકારે પરમિશન મેળવેલા ગેમ ઝોન પણ બંધ કર્યા હતા

અમદાવાદ, તા.૫

રાજકોટ TRP ગેમ ઝોનમાં આગની દુર્ઘટનામાં ૨૭ લોકોના મૃત્યુ બાદ તમામ સ્થાનિક ઓથોરિટીઓ દ્વારા પોતાના વિસ્તારમાં ચાલતા મેળાઓ અને રાઈડસ બંધ કરાવી દેવામાં આવી છે. જે લોકો પાસે પૂરતી પરમિશન નથી તે સમજ્યા પણ ઘોડા છુટ્યા બાદ તબેલે તાળા મારવા જેવી કાર્યવાહી ઓથોરિટી દ્વારા કરવામાં આવી રહી છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર મેળોનાખનાર સંચાલક ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા છે. જેમનું કહેવું છે કે તેમની પાસે જરુરી તમામ પરમિશન હોવા છત્તા ઓથોરિટીએ મૌખિક સૂચના આપીને તેમનો મેળો બંધ કરાવી દીધો છે.આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરતા આજે સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. જે મુદ્દે હવે ૧૦જૂને વધુ સુનાવણી હાથ ધરાશે. અરજદારે જણાવ્યું હતું કે, આ સમય દરમિયાન તેને ૫૦ લાખનું નુકશાન થશે. જેને લઈને કોર્ટમાં ગરમાગરમી સર્જાઈ હતી. અરજદારે અગાઉ જણાવ્યું હતું કે, મંજૂરી મેળવતા તેમને ૬૬ દિવસ લાગ્યા હતા. જેમાં ઈલેક્ટ્રિક, ફાયર NOC, રાઈડ ફિટનેસ સર્ટિફિકેટ, રોડ અને બિલ્ડિંગ વિભાગનું ક્લિયરન્સ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેઓએ ૧૬ મે ના રોજ મેળો શરૂ કર્યો હતો અને ૨૫ મે ના રોજ રાજકોટમાં TRP ગેમ ઝોનની દુર્ઘટના બનતા તેમનો મેળો પણ ઓથોરિટીએ બંધ કરાવી દીધો છે. આ મેળો નાખવા તેમને ૧.૬૪ કરોડનું રોકાણ કર્યું છે. જમીનનું ભાડું, રાઈડ્સનું ભાડું, આશરે ૧૩૫ લોકોનો પગાર, લાઈટબીલ વગેરે જોઈએ તો રોજનો ૯ લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. આ મેળાની મંજુરી ૨૩ જૂન સુધીની છે. આ અંગે સરકારને રજૂઆત કરી હોવા છત્તા કોઈ પ્રત્યુતર આવ્યો નથી. આથી હાઈકોર્ટમાં અરજી દાખલ કરવી પડી છે. ગુજરાત મેળા એસોશિયેશનના પ્રમુખ કૃણાલ ભટ્ટે જણાવ્યું હતું કે, રાજ્યમાં રાજકોટની ઘટના બાદ તમામ મેળાઓ સરકારી ઓથોરિટીએ બંધ કરાવી દીધા છે. તમામ પરમિશન ધરાવતા ૪૦ મેળાઓ રાજ્યમાં ચાલતા હતા. જ્યારે ૧૫ મેળાઓની પરમિશન મેળવવાની પ્રોસેસ કરીને ચાલુ થવાના હતા. ૨૫ હજાર જેટલા પરિવારોની રોજગારી મેળા સાથે જોડાયેલી છે. સરકાર ઈચ્છે તો ફરીથી આ મેળાઓની ચકાસણી કરીને તેમને મંજૂરી આપી શકે છે. અરજદારના વકીલ બી.એમ.માંગુકિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ ગેમ ઝોનમાં ફાયરની દુર્ઘટના બાદ ઓથોરિટીએ કાયદેસર નામેળાઓ

# વાણંદ સમાજનું ગૌરવ

જૂનાગઢ, તા. ૫

વાણંદ સમાજનાં હિમેશ રાજુભાઈ વાજાએ નડિયાદ ખાતે યોજાયેલ રાજ્ય લેવલનાં ખેલ મહાકુંભમાં ૨.૦ની U--17 ભાઈઓની એથલેટિક્સ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે તેની આ સિદ્ધિથી વાણંદ સમાજ તેમજ વાજા પરિવારની સાથે મયુર સ્કૂલ, નંદાણાનું ગૌરવ વધારેલ છે તેમજ જૂનાગઢ સોરઠીયા વાણંદ સમાજ, જગન્નાથ યુવા સંગઠન દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.



# આજે ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસ






આજે પાંચમી જૂન એટલે કે વિશ્વ પર્યાવરણ દિવસ છે. આદિ, અનાદિ કાળથી આ સૃષ્ટિ ઉપર પર્યાવરણ અને પ્રકૃતિ નો સંગમ છે. પણ છેલ્લા ઘણાં વર્ષો થી પર્યાવરણ માં જબરો ફેરફાર નોંધાયો છે. સમયે કરવટ બદલી છે. ટેક્નોલોજીનો યુગ આવી ગયો છે. વિશ્વ આખું ટેક્નોલોજીથી જ નિર્ભર બની ચૂક્યું છે. ગામડાં ધીમે, ધીમે શહેરી કરણ તરફ વળ્યાં છે. આને કારણે ગ્રામીણ સંસ્કૃતિ તેમજ ખેતી વાડીનો ધીમે, ધીમે સોથ વળવા માં છે. ગામડાં મટી સોસાયટી ઓના નવાં કલેવર બનવાં માં છે. આથી ઝાડ, પાન, ખેતીનો નાસ થતાં વાતાવરણ બીમારી વાળું બન્યું છે. જે વૃક્ષો માંથી આરોગ્ય પ્રદ હવા મળતી તે હાલ ૫૦ ટકા જેવી થઈ ચુકી છે. શહેરોમાં માર્ગ પહોળા કરવાં જૂનાં વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે. વર્ષો જૂનાં ઝાડને તોડી ફોડી નાસ કરવાંમાં આવતાં અનેક જીવ, જંતુની સાથો સાથ પક્ષીઓનું પણ રહેઠાણ મટવાં માં છે. અને ઘણી જગ્યાએ માત્ર ફોટો પડાવવા વૃક્ષરોપણ કરવામાં આવે છે. બીજે દિવસે ડાળ ક્યાંય પડી હોય છે. પર્યાવરણની જાણવણી કરવી તે દરેક નાગરિકની ફરજ છે. જો પર્યાવરણની જાણવણી નહિ કરવામાં આવે તો અનેક બીમારીઓ ઘર કરશે તેમજ આવનારી પેઢીને પણ આની અસર ભોગવવાનો વારો આવશે. એક સમયે નવાબી શાસન સમયે જૂનાગઢ માં અનેક વૃક્ષો હતા અને નવાબ ખુદજ પર્યાવરણનાં આગ્રહિ હતાં. એટલું જ નહિ તેને જૂનાગઢમાં જળ માટે લતે, લતે વાવ કૂવા ખોદાવેલ જે તંત્રનાં પાપે લગભગ બુરાયા છે. અથવા બિસ્માર હાલતમાં ખાલી ખંમ પડેલ છે. પર્યાવરણની જો જાણવણી કરવી હોય તો આપણા આગણામાં વૃક્ષો વાવો. મકાનની બાલ્કનીમાં સારા ઓક્સિજન આપતા વૃક્ષ પ્લાન્ટ વાવો. તુલસી તો ખાસ રોપણ કરવું જોઈએ. ભગવાને આપણને બધી રીતની બુદ્ધિ આપી છે. પડતર જગ્યાએ લીમડો, પીપળો, ગુલમોર, વડ સહીતનાં વૃક્ષનું રોપણ કરો તમને પણ સારી આબોહવા મળશે. સાથોસાથ આવનારી પેઢીને પણ મળશે. આપની જાણ માટે તમે કદી સમય કાઢી વિચાર્યું નથી. પણ પર્યાવરણની જાણવણીનાં કરવાથી તેમજ વૃક્ષનું ઠેર, ઠેર નિકંદન નીકળવાથી અનેક પક્ષીઓ, જનાવરનો સોથ વળી ગયો છે. જેમાં મોટા મોટા એકમમાંથી નીકળતાં ઝેરી રસાયણને કારણે કાગડા, કબૂતર, હોલા, તેતર, પતંગિયા, આગીયા સહીતની જાતીનો નાસ થયો છે. જેની આપણને ખબર નથી. આવનારી પેઢીને પર્યાવરણની જાણવણી જો નહિ થાય તો વૃક્ષ તેમજ પશુ, પંખીનાં માત્ર ચિત્રો બતાવવાનો વારો નજીકમાં છે. ગામડામાંથી સોસાયટી બનવામાં છે. ખેતી, અનાજ કઈ નહિ બચે. હજુ પણ પર્યાવરણની જાણવની કરતી સંસ્થાઓ, મંડળને સાથ સહકાર આપો. વૃક્ષોનું, પાણીનું જતન કરો. વૃક્ષ વિના જીવન નકામું બને તે પેલા જાગૃત બનો. હાલ આ કાળજાળ અગ્નિ ઓકતી ગરમી આપણને સમજાવે છે. કે હજુ જાગો નહીંતર પાપડની જેમ સેકાશો. પર્યાવરણના નુકસાન થિજ આ ગરમી વધવામાં છે. પર્યાવરણની જાણવણી કેમ કરવી આપણા સંતાનોને ચિત્રો દ્વારા કે સામાન્ય જ્ઞાન દ્વારા સમજાવો અને જળ, વૃક્ષોનું મહત્વ સમજાવો તો ચાલો હજુ ચોમાસુ બેસવામાં છે. વૃક્ષો વાવીએ અને જતન કરી માવજત કરી તેને ઉછેરીયે. વૃક્ષ વિનાનું ફળિયું સ્મશાન સમાન હોય છે તો ચાલો જાગ્યા ત્યાંથી સવાર મુજબ પરિવાર, સમાજ દેશના તમામ નાગરિકો સંકલ્પ કરો કે દરેક એક વૃક્ષ વાવો, પર્યાવરણની જાણવણી કરો.

**આલેખન : વિજય ચુડાસમા, જૂનાગઢ**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દીન-હીન લોકોને નાગરિકતા આપવાનો વિરોધ કેમ?

નાગરિકતા સંશોધન કાયદાના નિયમોને અધિસૂચિત કરવાના બે મહિનાની અંદર ત્રણસોથી વધુ લોકોને નાગરિકતા પ્રદાન કરવાના બીજા જ દિવસે વડાપ્રધાન મોદીએ આઝમગઢમાં એક સભાને સંબોધિત કરતાં બિલકુલ સાચું કહ્યું કે આ કાયદાને લઈને જૂઠ્ઠાણાનો પહાડ ઊભો કરવાનું કામ કરવામાં આવ્યું અને રમખાણો પણ કરાવવામાં આવ્યાં. આ જૂઠ્ઠાણું વિપક્ષો દ્વારા ફેલાવવામાં આવ્યું હતું, તેથી તેઓ એ આરોપથી બચી ન શકે કે તેમણે લોકોને ગુમરાહ કરીને સડકો પર રમખાણ મચાવવા ઉશ્કેર્યા. આ જ લોકોએ હિંસા અને ઉપદ્રવનો સહારો લીધો હતો. નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ જે હિંસક પ્રદર્શન થયાં, તેમાં સરકારી અદ્ધે બિનસરકારી સંપત્તિને તો નુકસાન પહોંચાડવામાં આવ્યું જ હતું, તેમાં જાનમાલનું પણ નુકસાન થયું હતું. આ હિંસક પ્રદર્શનોને કારણે લાખો લોકોએ પરેશાનીનો સામનો કરવો પડ્યો. દુર્ભાગ્યે દિલ્હીના લોકોએ તો ઘણો વધારે, કારણ કે અહીં જ શાહીનબાગ વિસ્તારમાં એક વ્યસ્ત સડકને અવરુદ્ધ કરીને મહિનાઓ સુધી ટ્રાફિકને રોકવામાં આવ્યો. આ અરાજક ધરણાંને કારણે દિલ્હીએ ભીષણ રમખાણોનો સામનો કરવો પડ્યો, જેમાં ૫૦ થી વધુ લોકો માર્યા ગયા. તેનાથી દેશની બદનામી પણ થઈ, કારણ કે આ રમખાણો સમય તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ભારતમાં હતા.

નાગરિકતા સંશોધન કાયદાને લઈને લોકોને કઈ રીતે ભરમાવવામાં આવ્યા, તેનો એક નમૂનો એ છે કે બે મહિના પહેલાં જ્યારે આ કાયદાના નિયમો અધિસૂચિત કરવામાં આવ્યા તો ક્યાંય કોઈ વિરોધ જોવા ન મળ્યો. વિરોધના નામે માત્ર થોડાં નિવેદનો જ આવ્યાં અને તે પણ મુસ્લિમ વોટબેંકની રાજનીતિ કરનારા વિરોધ પક્ષના નેતાઓ દ્વારા. સ્પષ્ટ છે કે લોકો સમજી ગયા છે કે આ કાયદાના વિરોધમાં ખરેખર જૂઠ્ઠાણાનો પહાડ ઊભો કરવામાં આવ્યો હતો અને એ કોરી અફવા હતી કે આ કાયદાથી ભારતના મુસલમાનોની નાગરિકતા છીનવી લેવામાં આવશે. આ કાયદો તો ત્રણ પડોશી દેશો - અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં સતામણી કરાયેલા ત્યાંના એ અલ્પસંખ્યકો માટે છે, જે કોઈક રીતે પોતાનો જીવ બચાવીને ભારત આવી ગયા. એવા જ કેટલાક લોકોને ગત રોજ ભારતની નાગરિકતા પ્રદાન કરવામાં આવી. આ દીન-હીન લોકોને નાગરિકતા આપવાનો વિરોધ કેમ? આખરે આ સતાવાયેલા લોકોને નાગરિકતા આપવી કઈ રીતે ખોટું છે? આ તો ભારતનું નૈતિક દાયિત્વ છે અને એક રીતે વિભાજનના સમયની ભૂલને સુધારવાની કોશિશ પણ છે. એ શરમજનક છે કે કેટલાક પક્ષો અને વિશેષ રૂપે તૃણમૂલ કોંગ્રેસ અદ્ધે ડાબેરીઓ હજુ પણ નાગરિકતા સંશોધન કાયદાનો વિરોધ કરી રહ્યા છે. તેમના દબાણમાં આવીને કોંગ્રેસ પણ એમ કહેવા લાગી છે કે સત્તામાં આવતાં જ તે સૌથી પહેલાં આ કાયદાને ખતમ કરવાનું કામ કરશે. આખરે કોંગ્રેસ કે પછી અન્ય પક્ષો આ અમાનવીય-અનૈતિક કામ કરવાનો વાયદો કઈ રીતે કરી શકે?

## ડ્રાઈવિંગ લાયસન્સ માટે લાંચ સ્વીકારનારો સિક્યુરિટી ગાર્ડ ઝડપાયો

પાલનપુર,તા.૫

ડ્રાઈવિંગ લાયસન્સ માટે ૧૫૦૦ રૂપિયાની લાંચ લેનારા પાલનપુર આરટીઓ કચેરીના જીઆઈએસએફ સિક્યુરિટી ગાર્ડની એસીબીના અધિકારીઓએ જાળ બિછાવીને ધરપકડ કરી હતી. આ બનાવની વિગત મુજબ આ કેસના ફરિયાદી ઓટો એડવાઈઝરની ઓફિસમાં કામ કરતા હોવાથી અવારનવાર આરટીઓ કચેરીમાં જતા હતા. દરમિયાન ફરિયાદીના શેઠના દિકરાના ડ્રાઈવિંગ લાયસન્સ માટે તેમણે ઓનલાઈન ફોર્મ ભર્યું હતું. ૨૦ મે ૨૦૨૪ ના રોજ ટુ વ્હીલરનો ટેસ્ટ આપતા તે પાસ થયો હતો. પરંતુ તે દિવસે ફોર વ્હીલરનો ટ્રેક બંધ હોવાથી ટેસ્ટ આપી શક્યો ન હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સાચો માણસ ક્યારેય કોઈને નફરત કરતો નથી.

- નેપોલિયન બોનાપાટ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૧૪, તા.૫ જૂન ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૭, કૃતિકા નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માંગલિક કાર્યમાં સફળતા મળે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.
વૃષભ: કૌટુંબિક સમસ્યા હળવી બને. અણધારી લાભની તક સાંપડે.
મિથુન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્ક: ગૃહવિવાદ થાય. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું.
સિંહ: કાર્યબોજ હળવો બને. મનની મુરાદ બર આવે.
કન્યા: મુસાફરીનું આયોજન સફળ થાય. લાભની તક સાંપડે.
તુલા: મનમાં પ્રફુલિતતા રહે. આર્થિક લાભ થાય.
વૃશ્ચિક: પ્રિય પાત્રથી મિલન-મુલાકાત થાય. ખાવા-પીવામાં કાળજી રાખવી.
ધન: મનમાં ચંચળતા રહે. નવિન શુભ સમાચાર મળે.
મકર: કૌટુંબિક જવાબદારીમાં વધારો થાય. ધીરજ રાખવી હિતાવહ.
કુંભ: આનંદમય દિવસ પસાર થાય. મનમાં પ્રસન્નતા અનુભવાય.
મીન: આવક- જાવક સરભર રહે. ક્રોધ પર કાબુ રાખવો.

## લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર એક્ઝિટ પોલ ધ્વસ્ત થઈ ગયા

# એક દાયકા પછી ગઠબંધન સરકારનો યુગ પાછો ફર્યો

### ભારતીય જનતા પાર્ટીને રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક અને હરિયાણા તમામ જગ્યાએ સીટો ગુમાવવી પડી છે

**લોકસભાનું પરિણામ**

| NDA | I.N.D.I.A | OTH |
|---|---|---|
| 290 | 235 | 18 |

**ગુજરાતનું પરિણામ**

| ભાજપ | કોંગ્રેસ | આપ | કુલ |
|---|---|---|---|
| 25 | 1 | 0 | 26/26 |

નવી દિલ્હી, તા.૫

લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર એકઝિટ પોલ ધ્વસ્ત થઈ ગયા. પરિણામો ૨૦૦૪ની જેમ એકઝિટ પોલથી ઉલટા નીકળ્યા. એક દાયકા પછી ગઠબંધન સરકારનો યુગ પાછો ફર્યો છે. ૩૭૦નો નારો આપનાર ભાજપ ૨૭૨ના આંકડાને સ્પર્શી શક્યું નથી, તે ૨૪૧ સુધી સિમિત રહી ગયું. ભાજપે રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક અને હરિયાણા તમામ જગ્યાએ સીટો ગુમાવવી પડી છે.

તમિલનાડુ અને પંજાબમાં તો ભાજપ ખાતું પણ નથી ખોલાવી શક્યું. ઓડિશા અને તેલંગાણાએ લાજ બચાવી લીધી. નીતીશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુ હવે નવી સરકારના કિંગમેકર તરીકે ઉભરી આવ્યા છે. એકંદરે, એનડીએ ગઠબંધન સત્તાની નજીક આવી ગયું હતું, પરંતુ સંપૂર્ણ બહુમતી સરકાર ન હોવાને કારણે ગઠબંધનની રમત ફરી શરૂ થઈ છે.. ભાજપને સરકાર બનાવવા માટે ૩૩ બેઠકો ઓછી મળી છે. ગઠબંધન સરકારમાં તેણે એક દેશ, એક ચૂંટણી અને સમાન નાગરિક સંહિતા જેવા મુદ્દાઓ છોડવા પડશે.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોની ઈચ્છા પુરી થઈ. ૧૦ વર્ષ પછી એક પણ પક્ષને સંપૂર્ણ બહુમતી મળી નથી. હવે કેન્દ્રમાં ગઠબંધન સરકાર બનશે, જેમાં તેમને સોદા કરવાની તક મળશે. નરેન્દ્ર મોદીની છેલ્લી બે સરકારોમાં, પ્રાદેશિક પક્ષો સરકારનો ભાગ હતા, પરંતુ તેમને એવા મંત્રાલયો આપવામાં આવ્યા હતા જે ભાજપ ઈચ્છતો હતો. ભાજપને લગભગ ૨૪૦ બેઠકો મળવાની ધારણા છે, જે બહુમતીના ૨૭૨ના આંક કરતાં ઘણી ઓછી છે. તમને જણાવી દઈએ કે સમાચારોમાં આપવામાં આવેલા આંકડા અંતિમ નથી, તે સાંજે પાંચ વાગ્યા સુધીના ટ્રેન્ડ મુજબ છે. અંતિમ પરિણામો અલગ હોઈ શકે છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપના નેતાઓની મનમાની જનતા સહન કરી શકી ન હતી, જેના કારણે ભાજપ સંપૂર્ણ બહુમતીથી ૩૨ ડગલાં દૂર રહી.

આ હાર માટે ઘણા કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓ ભાજપના મફત રાશન અને ભાષણ પર ભારે પડ્યા.. ટિકિટ કાપવાની ફોર્મ્યુલા અને કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને તાત્કાલિક ટિકિટ આપવાનો નિર્ણય પણ ભાજપને નડ્યો. આ સિવાય 'અબ કી બાર, ૪૦૦ પાર "ના નારાએ મધ્યમ વર્ગને બૂથથી દૂર કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

મોટાભાગની જગ્યાઓ પર ભાજપના મુખ્ય મતદારોને પણ નરેન્દ્ર મોદી મોટી જીત માટે પૂરતા છે તેવો વધુ પડતો વિશ્વાસ હતો. પાંચ તબક્કાની ચૂંટણી પછી ઘણા વિસ્તારોમાં સાંસદ સામે લોકોનો ગુસ્સો પણ સામે આવ્યો હતો.

ભારતની ૫૪૩ બેઠક વાળી લોકસભામાં બહુમતી મેળવવા માટે ૨૭૨ના આંકડાને પાર કરવો જરૂરી છે. જો કે, અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટી સહિત કોઈપણ પક્ષ આનાથી ઘણો પાછળ જોવા મળી રહ્યો છે. જોકે ભાજપના નેતૃત્વમાં એનડીએ પણ આંકડો પાર કરી ગયો છે. એવા ઘણા રાજ્યો છે જ્યાં એનડીએ ક્લીન સ્વીપ કરીને વિપક્ષ સામે એકતરફી જીત હાંસલ કરવાની તૈયારી કરી રહ્યું છે.

**NDA** મધ્ય પ્રદેશમાં તમામ ૨૯ બેઠકો જીતી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. તો આ સાથે જ અરુણાચલ પ્રદેશની ૨ બેઠક, ત્રિપુરાની ૨ બેઠક, હિમાચલ પ્રદેશની ૪ બેઠક, ઉત્તરાખંડની ૫ બેઠક અને રાજધાની દિલ્હીની ૭ બેઠકો પર ભાજપ આગળ છે. આ બધાને એકસાથે મૂકીને, ભાજપ ૫ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની ૪૯ બેઠકો પર એકતરફી જીત નોંધાવવાની તૈયારી કરી રહ્યું છે.

લોકસભાની સાથે ઓડિશા વિધાનસભાની ૧૪૭ બેઠકો માટે પણ મતગણતરી ચાલી રહી છે. એવી શક્યતાઓ છે કે ભાજપ પ્રથમ વખત રાજ્યમાં બહુમતી સાથે સરકાર બનાવે છે. **ECI**ના આંકડા અનુસાર, ભાજપ ૭૫ સીટો પર આગળ છે. તે જ સમયે, સત્તારૂઢ બીજુ જનતા દળ ૫૪ બેઠકો સાથે બીજા સ્થાને છે. કોંગ્રેસ અત્યાર સુધી ૧૬ સીટો પર આગળ છે.

### અખિલેશ યાદવે પાડ્યો ખેલ

# અયોધ્યામાં ભાજપને રામના આશિર્વાદ ન મળ્યા

### ભાજપને આંચકો ઉત્તર પ્રદેશમાં લાગ્યો છે જ્યાં પાર્ટી ૨૦૧૯ના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી

અયોધ્યા, તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મત ગણતરી ચાલુ છે. અત્યાર સુધીના વલણો મુજબ ભાજપ પોતાના દમ પર બહુમતીથી દૂર છે. ભાજપને સૌથી મોટો આંચકો ઉત્તર પ્રદેશમાં લાગ્યો છે જ્યાં પાર્ટી ૨૦૧૯ના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, સમાજવાદી પાર્ટી ૩૬ બેઠકો પર આગળ છે જ્યારે સહયોગી કોંગ્રેસ સાત બેઠકો પર આગળ છે. ભાજપ ૩૩ બેઠકો પર આગળ છે. ફૈઝાબાદ સીટ પરથી ભાજપની સૌથી મજબૂત લડાઈ છે. ફૈઝાબાદ સીટ અયોધ્યા સીટ તરીકે ઓળખાય છે. ફૈઝાબાદ સીટ પર સપાના અવધેશ પ્રસાદ ભાજપના ઉમેદવાર લલ્લુ સિંહથી ૫૦ હજાર મતોથી આગળ ચાલી રહ્યા છે. અયોધ્યા રામ મંદિર નિર્માણનો મુદ્દો ભાજપના ચૂંટણી પ્રચારનો મહત્વનો ભાગ હતો. જો કે, અયોધ્યામાં જ ભાજપની હાર થઈ છે. ભારતીય જનતા પાર્ટી ઉત્તર પ્રદેશની ફૈઝાબાદ લોકસભા સીટ પર પાછળ છે. ભાજપે આ સીટ પર લલ્લુ સિંહને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. લલ્લુ સિંહ અંદાજે ૫૫ હજાર મતોના માર્જિનથી સપાના ઉમેદવાર અવધેશ પ્રસાદથી પાછળ છે. તમને જણાવી દઈએ કે ભાજપ ૨૦૧૪થી ફૈઝાબાદ સીટ જીતી રહી છે. ચૂંટણી પ્રચારમાં રામમંદિરના અભિષેક અને ભાજપના નેતાઓ દ્વારા રામમંદિરનો ઉલ્લેખ કર્યા પછી પણ અહીંના વલણોમાં ભાજપને ફટકો પડતો જણાય છે.

ફૈઝાબાદ સીટ પરથી ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર અવધેશ પ્રસાદ ટ્રેન્ડમાં આગળ છે. જ્યારે બસપાએ અહીંથી સચ્ચિદાનંદ પાંડેને ઉમેદવાર બનાવ્યા હતા, જેઓ ઘણા પાછળ છે. ટ્રેન્ડ જોતાં એવું લાગે છે કે અહીં ચૂંટણી દરમિયાન રામમંદિરને લઈને જે મુદ્દો ઊભો થયો છે તેને વધુ મહત્ત્વ મળતું નથી એ તો ટુંક સમયમાં જ ખબર પડી જશે. પરંતુ લલ્લુ સિંહ ટ્રેન્ડમાં હારતા જોવા મળી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે હિંદુત્વની રાજનીતિનું કેન્દ્ર હોવા છતાં, આ શહેર ભાજપનો ગઢ નથી રહ્યું, વિવિધ પક્ષોના નેતાઓ અહીંથી ચૂંટણી જીત્યા છે. ૧૯૯૧થી અહીં વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપનો દબદબો રહ્યો છે, પરંતુ ફૈઝાબાદ લોકસભા સીટ પર ઉત્તર પ્રદેશની ત્રણેય મોટી પાર્ટીઓ ભાજપ, સપા અને કોંગ્રેસે અલગ-અલગ ચૂંટણીમાં પોતાની જીત નોંધાવી છે.

### સત્તાની ચાવી બે નેતાના હાથમાં

# સરકાર બનાવવા ભાજપ અને કોંગ્રેસમાં દોડધામ

### મોદી અને અમિત શાહે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા ચંદ્રાબાબુ નાયડુ સાથે વાત કરી હોવાના સમાચાર

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણીના પરિણામોની સૌ-કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. ત્યારે લોકસભા ચૂંટણીના હાલના રુઝાનોએ દેશવાસીઓને અચંબિત કરી દીધા છે. ભાજપના ૪૦૦ના આંકડાને પાર કરવાની મુરાદ અધૂરી રહી ગઈ છે. હાલ ભાજપ-એનડીએ લોકસભા ચૂંટણીના પરિણામોમાં સ્પષ્ટ બહુમતીથી દૂર દેખાઈ રહ્યા છે, તો કોંગ્રેસ પક્ષ ફરી ઊભરતો દેખાઈ રહ્યો છે.

અત્યાર સુધીના લોકસભાના ચૂંટણી વલણો પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે કેન્દ્રમાં સત્તાનું સિંહાસન ડામાડોળ થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ એકશન મોડમાં આવી ગયા છે. ત્યારે હવે આ વખતે બે મોટા નેતા ખૂબ જ શક્તિશાળી સામે આવ્યા છે. પ્રથમ બિહારના મુખ્યમંત્રી અને **JDU** નેતા નીતિશ કુમાર છે અને બીજા આંધ્ર પ્રદેશના **TDP** નેતા ચંદ્રાબાબુ નાયડુ છે.

લોકસભા ચૂંટણીની ચાલી રહેલી ગણતરી વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા ચંદ્રાબાબુ નાયડુ સાથે વાત કરી હોવાના સમાચાર સાંપડી રહ્યા છે. વડાપ્રધાન મોદી અને અમિત શાહે એવા સમયે ચંદ્રાબાબુ નાયડુ સાથે વાત કરી જ્યારે કોંગ્રેસ નેતૃત્વએ થોડા સમય પહેલા તેમનો સંપર્ક કર્યો હતો. ચૂંટણીના પ્રાથમિક વલણો પરથી દેખાય છે કે, ચંદ્રાબાબુ નાયડુની પાર્ટી હવે કિંગમેકર બને તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. આ સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ ભાજપ માટે સત્તા સુધી પહોંચવાનો માર્ગ બની રહેશે.

જો કે આ બંને નેતા અને તેમની પાર્ટી હાલમાં **NDA**નો હિસ્સો છે, પરંતુ તેમનો ઈતિહાસ પક્ષપલટુઓનો રહ્યો છે. નીતીશ કુમારની પાર્ટી બિહારમાં મોટી જીત હાંસલ કરવા તરફ આગળ વધી રહી છે. તેણીએ રાજ્યની ૧૬ બેઠકો પર ચૂંટણી લડી હતી અને તેમાંથી તે ૧૪ પર આગળ ચાલી રહી હતી. ૧૭ બેઠકો પર ચૂંટણી જીતનાર ભાજપ માત્ર ૧૨ બેઠકો પર આગળ છે.

બીજી તરફ આંધ્ર પ્રદેશમાં **NDA** કુલ ૨૫માંથી ૨૨ સીટો પર આગળ છે. જો કે, તેમાંથી ટીડીપી ૧૬ પર એકલી છે.

આ ટીડીપી એ જ પાર્ટી છે, જેના નેતા ચંદ્રાબાબુ નાયડુ ૨૦૧૯ની ચૂંટણી પહેલા રાષ્ટ્રીય સ્તરે મોદી સરકાર વિરુદ્ધ ગઠબંધનની આગેવાની કરી રહ્યા હતા. જો કે આ પહેલા ચંદ્રાબાબુ નાયડુ અટલ બિહારી વાજપેયીના કાર્યકાળ દરમિયાન એનડીએનો હિસ્સો રહી ચૂક્યા છે.

### અધીર રંજન ચૌધરીને ૫૯,૩૫૧ મતોથી હરાવ્યા

# ગુજરાતી ક્રિકેટર યુસુફ પઠાણે બહરામપુર સીટથી જીત મેળવી

### યુસુફ પઠાણ ૨૦૦૭ અને ૨૦૧૧માં વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો સભ્ય રહી ચૂક્યા છે

બહરામપુર,તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતી ક્રિકેટર યુસુફ પઠાણે બહરામપુર સીટથી જીત મેળવી છે. જી હા...તૃણમૂલ કોંગ્રેસ વતી ચૂંટણી લડનારા યુસુફ પઠાણે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધીર રંજન ચૌધરીને હરાવ્યા હતા.

યુસુફ પઠાણ ૨૦૦૭ અને ૨૦૧૧માં વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો સભ્ય રહી ચૂક્યા છે. યુસુફ રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સની આઈપીએલ વિજેતા ટીમનો સભ્ય પણ રહી ચૂક્યા છે. ૪૧ વર્ષીય ગુજરાતી યુસુફ પઠાણ બહેરામપુર સીટ પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી અને બીજેપી નેતા નિર્મલ કુમાર સાહા સામે ચૂંટણી લડી રહ્યા હતા.

યુસુફ પઠાણને ૪,૦૮,૨૪૦ મત મળ્યા હતા. તેમણે છેલ્લી લોકસભામાં વિરોધ પક્ષના નેતા રહેલા અધીર રંજન ચૌધરીને ૫૯,૩૫૧ મતોથી હરાવ્યા હતા. અધીર રંજન ચૌધરીને ૩,૪૮,૮૮૯ વોટ મળ્યા. ભાજપના નેતા લગભગ ૩,૧૨,૮૭૬ મતો સાથે ત્રીજા સ્થાને છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોની વાત કરીએ તો ભાજપ ૨૪૦થી વધુ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બનવા તરફ આગળ વધી રહી છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ પૂર્ણ બહુમતની નજીક છે. કોંગ્રેસ લગભગ ૯૫ સીટો પર આગળ છે. કોંગ્રેસની આગેવાની હેઠળનું ભારત ગઠબંધન લગભગ ૨૩૦ બેઠકો જીતી શકે છે. તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણી જીતીને ઘણા ક્રિકેટરો સંસદમાં પહોંચી ચૂક્યા છે. જેમાં ગૌતમ ગંભીર, નવજોત સિંહ સિદ્ધુ, મોહમ્મદ અઝહરુદીન, કીર્તિ આઝાદ, ચેતન ચૌહાણનો સમાવેશ થાય છે. ગંભીરે ભાજપ વતી ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડી હતી અને જીત પણ મેળવી હતી.

### ભારતના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ક્ષણ છે

# ચૂંટણી પરિણામો બાદ મોદીએ જનતાનો આ[redacted]ર મા[redacted]ન્યો

### નરેન્દ્ર મોદીએ સળંગ ત્રી[redacted]વખત [redacted] પ[redacted]વિશ્વાસ મૂકવા બદલ દેશવાસી[redacted]નો અ[redacted]મા[redacted] હતો

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના જે પરિણામો આવ્યા છે તે ભાજપ અને **NDA**ની અપેક્ષા પ્રમાણે આવ્યા નથી. ૨૦૧૯માં ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીત્યું હતું પરંતુ આ વખતે **NDA**ની કુલ બેઠકોનો આંકડો ૩૦૦ને પાર થઈ શક્યો નથી. ભાજપને સ્પષ્ટ બહુમતી મળી નથી પરંતુ **NDA** ગઠબંધનને બહુમતી મળી છે તેથી દ્રઢ્છ સળંગ ત્રીજી વખત સત્તા પર આવશે. આ પરિણામો બાદ ભાજપ જોરદાર આઘાતમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પરિણામો અંગે પ્રથમ વખત પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાન મોદીએ એક્સ પર એક પોસ્ટ

લખીને દેશ[redacted]તાનો [redacted] ઉત્સાહ
માન્યો છે [redacted]ધાન [redacted]સાતમાં
લખ્યું હતું [redacted]શાની જ[redacted] છે [redacted] અધ્યક્ષ
સતત ત્રી[redacted]મત N[redacted]ન [redacted] રાહુલ
વિશ્વાસ વ્ય[redacted]ર્યો છે. ભ[redacted]એક[redacted] પરિષદ
ઈતિહાસ[redacted]એક અ[redacted]તી [redacted]નો આ
ક્ષણ છે. અ[redacted]અને આ[redacted]બને[redacted] વિશ્વાસ
માટે હું મ[redacted]રિવારને [redacted]વા[redacted] હતો.
કરું છું. હું [redacted]સીઓને [redacted]ર્યું ન[redacted]ડગે એ
આપું છું [redacted] અમે [redacted]ને [redacted] અને
આકાંક્ષા[redacted]ર્ણ કરવ[redacted]ી [redacted]ી હતી.
નવી ઉર્જા, [redacted]ત્સાહ અ[redacted]હતું [redacted]હેલાથી
સંકલ્પો [redacted]ાગળ [redacted]તા [redacted]ઈ મોદી
તેમના સમ[redacted]ને અથ[redacted]તા[redacted]ા વખતે
માટે હું તેમ[redacted]યપૂર્વક [redacted]કોઈ[redacted]ો સંપૂર્ણ
વ્યક્ત કરુ[redacted]આપ[redacted]ત્તાધારી
NDA [redacted]સરકાર [redacted]જપે [redacted]ક્તિના
પરંતુ પરિ[redacted]ના માટે[redacted]પર [redacted]માંગ્યા
પણ ઉત્સ[redacted]ક નથી [redacted]

# રાજકોટ અગ્નિકાંડમાં સાગઠિયાને બલિનો બકરો બનાવી ભાજપના નેતાઓને બચાવવાનો પ્રયત્ન : લોકચર્ચા વેગવંતી બની

## સીટે હજુ સુધી કોઈ નેતાને પૂછપરછ માટે બોલાવ્યા નથી

અમદાવાદ, તા.૫

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમ ઝોન આગકાંડમાં ટાઉન પ્લોનિંગ ઓફિસર (TPO) મનોજ સાગઠિયાને બલિનો બકરો બનાવીને ભાજપના નેતાઓને બચાવવાનો તખ્તો તૈયાર કરાઈ રહ્યો છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) મનોજ સાગઠિયા રાજકોટનો બેતાજ બાદશાહ હોય અને પોતાનું ધાર્યું કરતો હોય એવું ચિત્ર ઉભું કરીને સાગઠિયા સાથે સાંઠગાંઠ ધરાવતા ભાજપના નેતાઓને છાવરવાની કોશિશ કરી રહી છે એવી લોકચર્ચા અંગે વેગવંતી બની છે. ચૂંટાયેલી પ્રજાના પ્રતિનિધીઓની છત્ર છાયા વિના કોઈ અધિકારી બેફામ રીતે વર્તી જ ના શકે એ નાના છોકરાને પણ સમજાય એવી વાત છે. તેવું લોકો કહી રહ્યા છે. ટીઆરપી ગેમ ઝોનને બેરોકટોક ચાલવા દેવા સહિતના ગેરકાયદેસર ધંધામાં સાગઠિયા સાથે સાંઠગાંઠ ધરાવતા રાજકારણીઓની પણ વરવી ભૂમિકા હતી. તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે. SITએ આ કેસમાં રાજકોટના પૂર્વ પોલીશ્ કમિશ્નરો રાજુ ભાર્ગવ અને બલરામ મીણા ઉપરાંત પૂર્વ કમિશ્નર આનંદ પટેલ સહિતના આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની પૂછપરછ કરી છે પણ હજુ સુધી કોઈ નેતાને પૂછપરછ માટે બોલાવ્યા નથી કે એવો ઈરાદો પણ વ્યક્ત કર્યો નથી. સાગઠિયા પાસે ૨૦૦ કરોડની જમીન સહિતની કરોડોની મિલકતો હોવાનું કહેવાય છે. સાગઠિયા પાસે રાજકોટમાં ૮ કરોડનો બંગલો, ૩ પેટ્રોલ પંપ, ફાર્મ હાઉસ ઉપરાંત ગોંડલ, વીરપુર સહિત અનેક સ્થળે પ્રોપર્ટી હોવાનું કહેવાય છે. જેતપુર રાજકોટ નેશનલ હાઈ-વે ચરખડી પાસે આલાગ્રાન્ડ ફાર્મ હાઉસ બની રહ્યું છે. હાઈ-વે ઉપર આવેલું એક ફાર્મ હાઉસ પણ સાગઠિયાના પરિવારનું હોવાની ચર્ચા છે. સાગઠિયાએ આ સંપત્તિ ભાજપને એક પૂર્વ ધારાસભ્યના પુત્ર સાથેની સાંઠગાંઠમાં ઉભી કરી હોવાનું કહેવાય છે. સાગઠિયા સામે એન્ટિ કરપ્શન બ્યુરોની તપાસ ચાલી રહી છે પણ ભાજપના પૂર્વ ધારાસભ્યના પુત્રની વાત આવતાં જ ભાજપના નેતા આઘાપાછા થવા લાગે છે. ભાજપના નેતા સાગઠિયાના ભ્રષ્ટાચાર વિશે પણ કશું બોલવા તૈયાર નથી જો કે લોકચર્ચાને કોઈ રોકી શકે તેમ નથી.

# મનસુખ સાગઠિયાએ નિયમોનો ભંગ કરી ૨૦૧૨ બાદ મિલકતો જાહેર નથી કરી

અમદાવાદ, તા.૫

રાજકોટ અગ્નિકાંડ બાદ મનપાનાં TPO મનસુખ સાગઠિયા સતત ચર્ચામાં છે. પોલીસ દ્વારા તેની ધરપકડ કરી પુરાવા એકત્ર કરવા પૂછપરછ કરવામાં આવી રહી છે, ત્યારે મનસુખ સાગઠિયાએ સરકારી નિયમનો ઉલાળીયો કરી મનપાની મહેકમ શાખા સમક્ષ ૨૦૧૨ બાદ પોતાની મિલકતો જાહેર કરી ન હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જો કે આ અંગે મહેકમ વિભાગના વડા સમીર ધડુકને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, તમામ ડેટા મેન્યુઅલ છે. અને બે દિવસ બાદ પણ ડેટા ચેક કરવાનો સમય નહીં હોવાનું કહી પોતાનો અને સાથી અધિકારીનો લુલો બચાવ કર્યાનું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. રાજ્ય સરકારના આદેશ અનુસાર કેલેન્ડર વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર દરમ્યાન તમામ સરકારી કર્મચારીઓએ તેમની મિલકતો જાહેર કરવાની હોય છે. જેમાં કલેક્ટર, મહા નગરપાલિકાના કમિશ્નર કે પોલીસ કમિશ્નર જેવા ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા ક્લાસ વન અધિકારીઓ પણ બાકાત નથી. નાગરિકો આ મિલકતો જાણી શકે તે માટે વેબસાઈટ ઉપર તે મુકવાની હોય છે. આ મુજબ મહાનગર પાલિકાની વેબસાઈટ ઉપર પણ આવી મિલકતો મુકવામાં આવે છે. પણ આ વેબસાઈટમાં ૨૦૧૭ પછી એકપણ અધિકારીએ તેની મિલકત જાહેર કરી જ નથી. વર્ષ ૨૦૧૭માં પણ રોશની વિભાગના એક અધિકારીની વિગત જ અપલોડ થઈ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ગ ૩ અને ૪ને દર વર્ષને બદલે ૫ વર્ષે મિલકત જાહેર કરવાની છૂટછાટ આપી હતી. પણ બે વર્ષ પહેલા તેમાં ફેરફાર કરીને દર વર્ષે મિલકત જાહેર કરવાનો આદેશ કરાયો હતો. મહાનગરપાલિકાના સુત્રો અનુસાર આ આદેશ પછી મહેકમ શાખા દ્વારા દર વર્ષ પરિપત્ર જાહેર કરીને ક્લાસ ૧થી લઈને ૪ સુધીના અધિકારીઓને મિલકત જાહેર કરવાની યાદી અપાય છે. પણ તેનો અમલ કોઈ કરતું નથી. સુત્રોનું માનીએ તો કોર્પોરેશનનાં કોઈપણ અધિકારીએ ૨૦૧૭ પછી પોતાની વ્યક્તિગત કે વારસાગત મિલકત જાહેર કરી નથી. હાલ આરોપી બનેલા તત્કાલીન TPO મનસુખ સાગઠિયાએ કરોડોનાં આસામી હોવા છતાં પણ ૨૦૧૨થી સરકારી નિયમોનો ભંગ કરીને મિલકતો જાહેર કરી ન હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે.

# અગ્નિકાંડ બાદ સરકાર આકરા પાણીએ : જર્જરિત મકાનો પડવાના બનાવને રોકવા સર્વેની કામગીરી શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૫

રાજકોટમાં સર્જાયેલા ગેમઝોન કાંડ બાદ હવે સરકાર ફાયર એનઓસી અને બીયુ પરમિશન વગરની તમામ મિલકતો ઉપર લાલ આંખ કરી છે. ત્યારે હવે આગામી ચોમાસાના દિવસોમાં અસામાન્ય વરસાદના સંજોગોમાં જર્જરિત મકાનો પડવાના બનાવને રોકવા માટે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં સર્વેની કામગીરી શરૂ કરી છે. ભયજનક મકાનોનો સર્વે કરી અને તાત્કાલિક નોટિસ આપવા જણાવ્યું છે. આમ છતાં આ મામલે કોઈ પણ પ્રકારની કચાશ રહેશે તો સંબંધિત અધિકારીની જવાબદારી રહેશે તેવી સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે. ચોમાસામાં મોટા શહેર અને ગામતળ વિસ્તારોમાં વર્ષો જૂના મકાનો ભયજનક બની ધસી પડવાની ઘટનામા જાનહાનિની સંભાવનાને ટાળવા માટે તમામ મ્યુનિ.કમિશનર, એસ્ટેટ-ટીડીઓ ખાતાને ભયજનક મકાનોનો સર્વે કરી નોટિસ આપવા તેમજ ભયજનક ભાગ ઉતરાવી લેવા સુધીની કાર્યવાહી ગંભીરતાથી કરવાનો આદેશ કર્યો છે. રાજયમા આવા મકાનોને ઉતરાવી શકાતા નથી તેની પાછળ મકાન માલિક અને ભાડૂઆતનાં ઝઘડા તેમજ મકાન પડી ગયાં પછી કોમર્શિયલ ઉપયોગનો ઈરાદો તથા મકાનમાલિક પાસે મકાન નવેસરથી બનાવવા પૂરતા નાણાં ન હોય તેવા કારણો હોય છે. આવા મકાન ઉતરાવીને નવા બનાવવામાં એસ્ટેટ-ટીડીઓ ખાતાનાં નિયમોની સાથે તોડબાજી કરનારા તત્ત્વોની નડતરરૂપ અરજીઓ વગેરેને કારણે પણ ભયજનક મકાનોની સમસ્યા રહે છે. એસ્ટેટ-ટીડીઓ ખાતાનાં કર્મચારી-અધિકારીએ નોટિસ આપ્યા પછી માલિક કે કબજેદાર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવે તો ભયજનક મકાન અથવા તેનાં ભયજનક ભાગને ઉતરાવી લેવાની કાર્યવાહી કરવાની રહેશે. જ્યાં જરૂર જણાય તેવા કિસ્સામાં પોલીસ બંદોબસ્ત મેળવીને પણ આ કામગીરી પૂરી કરવાની રહેશે. રાજયમા દર વર્ષ ચોમાસા પહેલા મકાનોનો દર વર્ષે સર્વે કરવામાં આવે છે અને ભયજનક મકાનોને ફક્ત નોટિસ આપીને અધિકારીઓ સંતોષ માની લેતા હોય છે. મ્યુનિ.કમિશ્નરે દર વર્ષની જેમ સર્વે કરી નોટિસ લગાવી આવવાની કામગીરીને અસરકારક નહિ ગણતાં કહ્યું છે કે, આ બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરવા અગાઉ પણ સૂચના અપાઈ છે. તેમ છતાં ફરી વાર સૂચના આપવામાં આવે છે કે જેમા ભયજનક મકાનોનો સર્વે કરી તમામ કિસ્સામાં જે તે મકાનમાલિક-કબજેદારને મકાન રિપેર કરાવવા જણાવાયું છે.

### રાજકોટ અગ્નિકાંડ બાદ તંત્ર સફાળું જાગ્યું

# રાજ્યભરમાં સ્કૂલવાનનું ચેકિંગ કરવા વાહનવ્યવહાર વિભાગે કર્યો આદેશ



અમદાવાદ, તા.૫


રાજકોટ અગ્નિકાંડ બાદ તંત્ર સફાળું જાગ્યું છે. રાજ્ય સરકાર સુરક્ષાને લઈને વધુ સતર્ક બની છે ત્યારે વિવિધ એકમોમાં ચકાસણી હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં સ્કૂલવાનનું ચેકિંગ કરવા વાહનવ્યવહાર વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. આ અંગે વાહનવ્યવહાર વિભાગે રાજયના તમામ આરટીઓ ઓફિસરને પરિપત્ર જારી કર્યો. પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે આદેશનો તાત્કાલિક અમલ થાય અને ચેકિંગ કરી એક અઠવાડિયામાં રિપોર્ટ આપવામાં આવે. રાજકોટ અગ્નિકાંડ ઘટના બાદ રાજ્ય સરકાર સુરક્ષાને લઈને વધુ સતર્ક બની તે સામે આવ્યું છે. હાલ વિવિધ એકમોમાં ચકાસણી હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભમાં સ્કૂલ બસ, સ્કૂલવાન, રીક્ષામાં સલામતી ચેકિંગ થશે. તપાસ દરમ્યાન જોગવાઈનું ઉલ્લંઘન જોવા મળશે તો વાહન ડીટેઈન કરવામાં આવશે તેવી સૂચના પણ આપી છે. સ્પષ્ટ છે કે બાળકો આપણી ભાવિ પેઢી કહેવાય. આથી બાળકોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી વહીવટીતંત્ર દ્વારા ઘેટા બકરાની જેમ ભરતા સ્કૂલવાનનું ચેકિંગ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. અગ્નિકાંડ બાદ તંત્ર સફાળું જાગતા માર્ગ અકસ્માત ઘટાડવા આ નિર્ણય લેવામાં આવ્યો. મહત્વનું છે કે રાજ્યમાં ગુજરાત બોર્ડની શાળાઓ ખુલવાના હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે સરકારના આ પગલાંથી સ્કુલવાનમાં બાળકોને ઘેટાબકરાની જેમ ભરવામાં આવે છે તેમાં નિયંત્રણ આવશે. વાહનવ્યવહાર વિભાગ દ્વારા બસ, રીક્ષા અને વાનના ડ્રાઈવરોને બાળકોની સલામતી માટે ચેંકિગ કરવા જેવા જરૂરી પગલા ભરવા આદેશ કરાયો છે. ત્યારે હવે અન્ય ક્ષેત્રોમાં કે જ્યાં નિયમોનો ઉલાળિયો કરી લાલિયાવાડી ચલાવવામાં આવે છે ત્યાં પણ તંત્ર દ્વારા કંઈપણ ચલાવી લેવામાં નહીં આવે તો પ્રજાને તેનો ફાયદો મળશે.

# રાજ્યમાં ૧૫ જૂનથી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની શકયતા

## સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વરસાદ પડવાની સંભાવના

અમદાવાદ, તા.૫

રાજ્યમાં આંશિક રાહત બાદ ફરી એકવાર ગરમી વધવા લાગી છે ત્યારે ગુજરાતનું વાતાવરણ આવનાર પાંચ દિવસ શુષ્ક રહેશે. સુરેન્દ્રનગરનું તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તે સિવાય અમદાવાદમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં ૪૧.૫ સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતુ. અમુક વિસ્તારોમાં ૧-૨ ડિગ્રી તાપમાન વધવાની સંભાવના છે. હાલ વરસાદ પડવાની કોઈ જ સંભાવના નથી. આવતા અઠવાડિયાથી ગુજરાતના અમુક વિસ્તારોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ જશે.૨ આવનાર ૨ દિવસમાં ૨૦-૨૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. હાલમાં પશ્ચિમથી દક્ષિણ-પશ્ચિમના પવનોની અસરથી અમદાવાદમાં ગરમીનો પારો ઘટ્યો છે તેમજ જૂનના પ્રથમ અઠવાડિયા દરમ્યાન પારો ૩૮થી ૪૦ ડિગ્રી વચ્ચે રહેશે. પરંતુ, જૂનના બીજા અઠવાડિયા દરમ્યાન પવનની દિશા બદલાઈને રાજસ્થાન તરફથી આવતાં ઉત્તર-પશ્ચિમના સૂકા ગરમ પવનોથી અમદાવાદ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં મહત્તમ અને લઘુતમ તાપમાન ઉંચકાવાથી ગરમી વધશે. ૧૫ જૂનથી પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ જશે. પરંતુ, ત્રીજા અને ચોથા અઠવાડિયા દરમ્યાન સામાન્યથી વધુ વરસાદ પડશે. તેમાંય ખાસ કરીને રાજયના સૌરાષ્ટ્રના મોટાભાગના



વિસ્તારોમાં સૌથી વધુ વરસાદ પડવાની શક્યતા છે. હજુ અઠવાડિયા સુધી ગરમીનો પારો ૪૨થી ૪૩ ડિગ્રી રહેવા વકી મધ્ય ગુજરાત ઉપર સક્રિય થયેલું સાઈક્લોનિક સરક્યુલેશન રાજસ્થાન ઉપર સ્થિર થયું છે, જેને કારણે ઠંડા પવનનું જોર વધતાં અમદાવાદ સહિત રાજયમાં ગરમીમાં સામાન્ય ઘટાડો થયો છે. ૩૦ મેએ કેરળમાં ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે. અમદાવાદ સહિત રાજયમાં ચોમાસું સમયસર બેસી જશે. જૂનના બીજા અઠવાડિયાથી અમદાવાદ સહિત રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થશે, તેમજ ૧૩થી ૧૫ જૂન સુધીમાં ચોમાસું સક્રિય થઈ જશે. પ્રી-મોન્સુન એક્ટિવિટી શરૂ થવાથી ગરમી અને બફારામાં ક્રમશ ઘટાડો થશે. જો કે, આ દરમ્યાન કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે તો મહત્તમ તાપમાન ઘટી શકે છે.

# રાજ્યના સાત જિલ્લાના ૧૦,૯૪૩ ખેડૂતોને માવઠાને લીધે નુકસાન : સર્વે થયો પરિપૂર્ણ

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં ૧૩મી મેથી ૧૮મી મે સુધી થયેલા માવઠાને કારણે ખેતી અને બાગાયતી પાકોને ભારે નુકસાન પહોંચ્યું હતું. જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડ્યું હતું. રાજ્ય સરકારે માવઠાને કારણે પાક નુકસાનીનો સર્વે કરવા આદેશ આપ્યો હતો જે હવે પૂર્ણ કરી દેવાયો છે. તેનો વિગતવાર અહેવાલ કૃષિ વિભાગને સોંપવામાં આવ્યો છે. કૃષિ વિભાગના સર્વે પ્રમાણે રાજ્યમાં અંદાજિત ૧૬,૧૭૭ હેક્ટર વિસ્તાર માવઠાને કારણે અસરગ્રસ્ત થયો છે. ગુજરાતના ૭ જિલ્લાના ૧૦,૯૪૩ ખેડૂતોને નુકસાન થયું છે. અંદાજે ૨૭.૫૦ કરોડથી વધુની સહાય ખેડૂતોને આગામી સમયમાં સરકાર દ્વારા SDRFના નિયમો હેઠળ ચૂકવવાની કાર્યવાહી હાથ ધરાશે. કમોસમી વરસાદ બાદ કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વે પ્રમાણે ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી તેમજ મધ્ય ગુજરાતના ખેડા જિલ્લામાં પાકોને નુકસાન થયું છે. અંદાજિત ૧૬,૧૭૭ હેક્ટર વિસ્તારમાં તેમજ કુલ ૧૦,૯૪૩ ખેડૂતો કમોસમી વરસાદના કારણે અસરગ્રસ્ત થયા હતા. આમ, પ્રાથમિક અંદાજ મુજબ અંદાજિત સહાય રકમ ૨૭.૫૦ કરોડ રૂપિયા થાય છે. હજુ દક્ષિણ ગુજરાતમાં અંદાજિત સહાયની રકમ કેટલી થાય છે એ ગણતરી કરવામાં આવી રહી છે.વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદથી કુલ અસરગ્રસ્ત વિસ્તારમાં ૭૩.૩૧ હેક્ટરનો સમાવેશ થાય છે. વલસાડ જિલ્લાના ૯ સર્વે ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વલસાડમાં પાક નુકસાની સર્વેમાં કુલ ૧૨ ગામોમાં ૩૩ ટકાથી વધારે નુકસાન હોય તેવો ૪૫.૩ હેક્ટર વિસ્તાર નોંધાયો જેમાં ખાસ કરીને કેરીના પાકને મોટું નુકસાન પહોંચ્યું છે. ભરૂચ, નવસારી, ડાંગ જિલ્લામાં બાગાયતી પાકોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા વહીવટી તંત્ર તરફથી વિગતવાર સર્વે કરવામાં આવતા ૩૩ ટકાથી વધુ નુકસાનગ્રસ્ત વિસ્તાર નોંધાયો નથી. સુરત જિલ્લામાં કુલ અસરગ્રસ્ત વિસ્તાર ૫૮૮૭.૪૦ હેકટર છે. જેમાં ૫૭૬૭.૪૦ હેકટર વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# કેનેડા કરતાં ભારતમાં જીવન સરળ છે, પણ તેઓ તેમના શ્રમિકોનું સન્માન કરે છે જે આપણે કરી શકતા નથી

(એજન્સી) તા.૫

તાજેતરમાં સોશિયલ મીડિયા ઉપર એક વિડિયો જોવા મળ્યો જેમાં એક છોકરીએ વાત કરી હતી કે કેનેડામાં રહેવું એ તેણીએ જે કલ્પના કરી હતી તેનાથી નોંધપાત્ર રીતે અલગ છે. તેણીએ ધ્યાન દોર્યું કે, ભારતમાં જીવન સરળ છે. વિદેશમાં સ્થાયી થવા વિશે અલગથી ચર્ચા કરી શકાય છે. ભારતીયોએ પહેલા તેમના વિશેષાધિકારોને સ્વીકારવાની જરૂર છે. અહી સસ્તી મજૂરી સાથે લોકોનું શોષણ કરવામાં આવે છે. આજે સમય છે કે આપણે આપણા આરામનું મૂલ્ય અને આપણા સમાજ માટે તેનો અર્થ શું છે તેના ઉપર સંવાદ શરૂ કરીએ. કેટલાક સોશિયલ મીડિયા વીડિયોમાં વિદ્યાર્થીઓને ભારતમાં તેમના આશ્રિત જીવનની યાદ અપાવે છે. હું આવી વાર્તાલાપનો ભાગ હતો અને વિચારતો હતો કે મારી આરામનું મૂળ આવકની અસમાનતા અને સસ્તી મજૂરીના શોષણમાં છે. અને આ એટલું સામાન્ય થઈ ગયું છે કે મોટાભાગના લોકોને શું ખોટું છે તે પણ સમજી શકતા નથી. આપણામાંના ઘણા લોકો પશ્ચિમ દેશોના પ્રશંસક છે કે કેવી રીતે પશ્ચિમી દેશો, ખાસ કરીને યુરોપ અને ઉત્તર અમેરિકામાં, એવી વ્યવસ્થાઓ ઊભી કરી છે જ્યાં કામદારો ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે પૂરતી કમાણી કરી શકે. તેઓ મજબૂત સામાજિક કલ્યાણ પ્રણાલીઓ, સાર્વત્રિક આરોગ્યસંભાળ અને મજબૂત શ્રમ સુરક્ષા દ્વારા તેમના કામદાર વર્ગના નાગરિકો માટે આરામ સુનિશ્ચિત કરવામાં સફળ થયા છે. જો કે, આપણે એ સમજવામાં નિષ્ફળ જઈએ છીએ કે આવા સમાજનું નિર્માણ શ્રમ પ્રત્યેના સ્વાભાવિક આદરને કારણેશક્ય બન્યું છે. આ દેશોની વસ્તીનો મોટો હિસ્સો ખુશીથી તેમના રોજિંદા કામની જવાબદારી લેવાનું પસંદ કરે છે અથવા જો તેઓને જરૂર હોય તો આદરણીય વેતન ઉપર ઘરની સંભાળ રાખનારાઓને રાખવાનું પસંદ કરે છે. જો તમે લાયક છો તો તમારે વધુ કમાણી કરવા ડોક્ટર અથવ એન્જિનિયર બનવાની જરૂર નથી. અમે સમાન સમાજની નકલ કરવા ઈચ્છીએ છીએ પરંતુ અસમાનતા ઘટાડ્યા વિના તે શક્ય નથી અને આપણે તે સમજવામાં નિષ્ફળ જઈએ છીએ. સસ્તી કિંમતે આપણે જે વિશેષાધિકારોનો આનંદ માણીએ છીએ તેનો ત્યાગ કરવો મહત્વપૂર્ણ છે જેથી દરેક વ્યક્તિ શોષણ મુક્ત અને ગૌરવ સાથે જીવન જીવી શકે. અસમાનતા વિશે બડાઈ મારવા જેવું કંઈ નથી. તે માત્ર એવી વ્યવસ્થાને કાયમી બનાવે છે જ્યાં અમુક વ્યક્તિઓ ઓછા ભાગ્યશાળી અન્ય લોકોના ભોગે વિશેષાધિકારોનો આનંદ માણે છે. એક વખત યુનાઈટેડ કિંગડમમાં સ્વાસ્થ્ય કટોકટી દરમિયાન, મારે ખાનગી હોસ્પિટલમાં નેશનલ હેલ્થ સર્વિસ જે દેશની જાહેર ભંડોળવાળી હેલ્થકેર સિસ્ટમ છે તેને એક્સેસ કરવા માટે લાંબી રાહ જોવી પડી હતી. યુકેમાં ખાનગી દવાખાનાઓ ભારતની સરખામણીએ વધુ મોંઘા છે. ત્યાં NHS જેવી સુવિધા છે, જે વધારાના શુલ્ક વિના વિશ્વ-કક્ષાની સારવાર આપે છે. જો કે, મને પાછળથી જાણવા મળ્યું કે જો કે અમુક સમયે તેનો ઉપયોગ કેનેડા કરતાં ભારતમાં જીવન સરળ છે, પણ તેઓ તેમના શ્રમિકોનું સન્માન કરે છે જે આપણે કરી શકતા નથી કરવો થોડો અસુવિધાજનક હોઈ શકે છે, પણ દરેક વ્યક્તિ તેની નાણાકીય પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના સમાન તબીબી સંભાળ મેળવે છે. હું એવી દલીલ



કરતો નથી કે તે એક સંપૂર્ણ સિસ્ટમ છે અને તેને સુધારી શકાતી નથી. વિશેષાધિકૃત અને શ્રીમંતોના નોંધપાત્ર વર્ગે વધુ જાગૃત બનવાની અને ઓછા નસીબદાર પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવાની જરૂર છે. તમારા સંપર્કમાં આવતા લોકો પ્રત્યે દયાળુ બનવા અથવા દાન આપવું જોઈએ અને આપણા સમુદાયમાં સમાજમાં દરેકને ફાયદો થાય તેવી વ્યવસ્થા બનાવીને આપણે આ હાંસલ કરી શકીએ છીએ. અને તેના માટે દરેક માટે લઘુત્તમ વેતન સુનિશ્ચિત કરવું જોઈએ. એમાં કોઈ શંકા નથી કે સમાજે તેની માનસિકતા બદલવાની જરૂર છે, પરંતુ અમે નિર્ણાયક શાસન સુધારાને લાગુ કરવામાં પણ ખરાબ રીતે નિષ્ફળ ગયા છીએ. સ્વ-શાસનના ૭૮ વર્ષ અને અસંખ્ય યોજનાઓ હોવા છતાં, તેનું અમલીકરણ દર્શાવે છે કે ઈચ્છિત પરિણામ મળ્યા નથી. ગરીબ ભારતીયોના કલ્યાણ સહિત વિવિધ મુદ્દાઓને લગતા નિયમો અને કાયદાઓ છે, પરંતુ કાયદાના અમલીકરણની વાસ્તવિકતા આપણે જાણીએ છીએ. ભારતીયોને નરેન્દ્ર મોદી સરકારમાં આશા છે કારણ કે કોંગ્રેસ અસરકારક ઉકેલ આપવામાં સફળ રહી નથી. જોકે, અમલીકરણમાં વિસંગતતા અત્યારે પણ દેખાઈ રહી છે. ભારતના સુધારેલા શ્રમ સંહિતા સંગઠિત અને અસંગઠિત બંને ક્ષેત્રના લોકોને આવરી લેવાનો દાવો કરે છે, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી અલગ દર્શાવે છે. તે અપૂરતા કાયદાના અમલીકરણ તેમજ દરેક રાજ્યના પોતાના મજૂર કાયદાઓ છે તે જટિલ અને ગૂંચવણભર્યા માળખાને લીધે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. આ મુદ્દાઓને ઉકેલવાનો અને વધુ સમાન સમાજ બનાવવાનો સમય આવી ગયો છે. અમે અમારા વિશેષાધિકારો વિશે માત્ર વાતો કરતાં વધુ સારૂર કામ આપણે કરી શકીએ છીએ. ગરીબ લોકો ઓછા વેતન પર કામ કરવા માટે મજબૂર હોય છે. આ આપણને પશ્ચિમ કરતાં શ્રેષ્ઠ બનાવતું નથી, અને તે એક સમાજ તરીકે આપણી નિષ્ફળતા દર્શાવે છે.

# જૂનાગઢમાં વોકળા રૂપી ડેથઝોનની ચોમાસા પહેલા યોગ્ય કામગીરી કરવા માંગણી

## જૂનાગઢ મનપાના કમિશ્નરને લેખિત પત્ર પાઠવતા એડવોકેટ અશ્વિન મણીયાર



જૂનાગઢ તા. ૫

જૂનાગઢના જાગૃત નાગરીક અને એડવોકેટ અશ્વિનભાઈ મણીયારે મનપાના કમિશ્નરને એક લેખિત પત્ર પાઠવી જૂનાગઢમાં આવેલા વોકળા રૂપી ડેથઝોનની ચોમાસા પહેલા યોગ્ય કામગીરી કરવામાં આવે અને પુરના પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી માંગણી કરી છે.

કમિશ્નરનો પાઠવેલા પત્રમાં જણાવેલ છે કે, જૂનાગઢમાં ગત ચોમાસામાં ચાર માનવ જીંદગીઓ છીનવાણી છે. ત્યારે કોર્પોરેશનની ગંભીર બેદરકારીને કારણે જૂનાગઢના ડેથ ઝોન તરીકે જાહેર થયેલ ભરડાવાવ વિસ્તારમાં જીવતા માનવો તણાયેલા અને સકકરબાગ નજીક સોનરખ નદીની ઝાડીઓમાંથી માનવોની લાશ મળેલ હતી. જયાં પુરનુ તાંડવ થયેલું તે જગ્યાએ વોકળાઓ યોગ્ય રીતે સાફ થતા નથી અને કોર્પોરેશનની મીઠી નજર નીચે પેશકદમીઓ થઈ રહી છે. અસંખ્ય ટ્રેકટરો વોકળામાં ઠાલવવામાં આવે છે અને તે કોર્પોરેશનના કર્મચારીઓની મીઠી નજર વિના શકય નથી. વાઘેશ્વરી વિસ્તારના ૩ ઝરણા (વોકળા) જેમાંથી બે વોકળા ધાર્મીક ફાર્મવાળી ગલીમાંથી પસાર થાય છે અને એક વોકળો લીઓ રીસોર્ટની બાજુમાંથી પસાર થાય છે. આ બધુ પાણી છગનમામાની સોસાયટીમાં થઈ અને એક ૩×૩ની ચેનલમાંથી પસાર કરવાની બાલીસ કોશીષ કોર્પોરેશનના લાખો રૂપીયાનો પગાર મેળવતા અને કરોડો રૂપીયાની કટકી કરતા ઈજનેરોએ કરેલ છે. આ વોકળાઓ અને તેના ઉપરના દબાણો ઉપરાંત વોકળાના પાઈપોની સફાઈ ન થવાથી ભયંકર પુર આવેલ ત્યારે અમુલ્ય માનવ જીંદગી હોમાયેલી છે. આ વાતને ન તો કર્મચારીઓએ, અધીકારીઓએ કે પદાધીકારીઓએ ધ્યાનમાં લીધેલી લાગતી નથી. શું કોર્પોરેશન વધુ માનવ જીંદગીની આહુતી લેવા માંગે છે? સાથેના જે ફોટોગ્રાફ છે તેમાં વોકળામાં ડમ્પીંગ સાઈટ હોય તે રીતે ડીમોલીશનનો તેમજ બાંધકામનો કચરો એટલે કે સોલીડ વેસ્ટ ત્યાં ઠાલવવામાં આવે છે. જો આગામી ચોમાસા પહેલા આ ડેથ ઝોન પર ધ્યાન આપવામાં નહીં આવે તો કદાચ વધુ લાશો તરતી જોવામાં આવશે તેવું અમારૂં માનવુ છે. આ બાબતે પ્રમાણીક અધીકારીઓને સમગ્ર ઓપરેશન સોંપી આસ-પાસમાં રહેતા તમામ લોકોને ભયમુકત થાય તેવી અમારી માંગણી છે.

સ્થાયી સમીતીના ચેરમેન હરેશભાઈ પરસાણા તથા મોહનભાઈ પરમાર દ્વારા અનેક વખત સુચનાઓ આપ્યા પછી પણ આ કામ કર્મચારીઓ દ્વારા થતુ નથી. આ બાબતમાં દોષીતોને યોગ્ય માર્ગદર્શન આપશો તથા ખંત પુર્વક કામ કરે તેવા લોકોને ડેપ્યુટ કરી ત્વરીત કામગીરી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

### બનાસની બેને કોંગ્રેસની લાજ રાખી!

# ૧૦ વર્ષ પછી કોંગ્રેસનું ખાતું ખૂલ્યું, બનાસકાંઠામાં ગેનીબેનની જીત

## ગેનીબેન ઠાકોરે જંગી જીત સાથે કોંગ્રેસને સંન્યાસમાંથી મુક્તિ અપાવી : ૨૦ હજારથી વધુની મત સાથે જીત મેળવી

બનાસકાંઠા, તા.૫

કોંગ્રેસનો ગુજરાતની લોકસભામાં આખરે સંઘર્ષ ઓછો થયો છે. બનાસની બેન ગેનીબેન ઠાકોરે જંગી જીત સાથે કોંગ્રેસને સંન્યાસમાંથી મુક્તિ અપાવી છે. બનાસકાંઠાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો ભવ્ય વિજય થયો છે. આ સાથેજ ગુજરાતમાં ક્લીન સ્વીપનું ભાજપનું સપનું રોળાયું છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને એકમાત્ર બેઠક પર જીત મળી છે, અને આ જીત ગેનીબેન ઠાકોરે અપાવી છે. ગેનીબેને ભાજપનું હેટ્રિકનું સપનું તોડ્યું છે. ગુજરાતમાં બનાસકાંઠામાં કોંગ્રેસે ખાતુ ખોલ્યું. કોંગ્રેસના બનાસકાંઠાનાઉમેદવાર ગેનીબેન ઠાકોર ૨૦ હજારથી વધુની મત સાથે જીત મેળવી લીધી છે.

બનાસકાંઠાની જીત બાદ ગેનીબેન ઠાકોર ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું કે, બનાસકાંઠાની મતદારો, જનતાનો આભાર માનું છું, જનતાએ અમને જે આર્શીવાદ આપ્યા છે, બનાસકાંઠાના વોટર્સે પોતાનુ કામ પૂરુ કર્યું. હવે પરિણામ બાદ વિધિવત રીતે ફરી પ્રેસ કોન્ફરન્સ કરીશ, પરંતુ જે જીત અપાવી તેને માટે જનતાનો આભાર. સમગ્ર ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે, તેમાં બનાસકાંઠાનો પણ સહભાગી બનશે, તેથી તમારા સૌનો આભાર. બનાસકાંઠાની જનતાનો આભાર. બનાસની જનતાએ જે મામેરું મેં માંગ્યુ હતું, તે મામેરૂઁ ભર્યું તે બદલ જનતાનો આભાર. અહીંની જનતાએ મને વોટ અને નોટ આપ્યા છે, તેથી હું જીવું અને જાગું ત્યા સુધી બનાસકાંઠાના મતદારોનો ઋણ ઉતારી શકું તેમ નથી. પ્રયત્ન કરીશ કે આ ઋણ ઉતારી શકું.

બનાસકાંઠા બેઠક પરથી આ વખતે કોંગ્રેસે મજબૂત ઉમેદવાર ગેનીબેન ઠાકોરને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે ભાજપે રેખાબેન ચૌધરીને ટિકિટ આપી. રેખાબેન એ શિક્ષિત મહિલા ઉમેદવાર હોવા ઉપરાંત બનાસ ડેરીના સ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલના પૌત્રી પણ છે. જો કે ગેનીબેન પણ સામે મજબૂત મહિલા નેતા હતા.

એક ફાયરબ્રાન્ડ નેતા તરીકે તેમની ઈમેજ છે અને ૨૦૧૭થી વાવ વિધાનસભા બેઠકથી ધારાસભ્ય છે. આ વખતે આ બેઠક માટે બહુ રસાકસી રહી શકે છે તેવી વાતો થતી હતી. ગેનીબેન ઠાકોર પાસેથી કોંગ્રેસને સારી એવી અપેક્ષાઓ હતી. અને ગેનીબેન ઠાકોર આ અપેક્ષા પર ખરા ઉતર્યાં છે

ઉલ્લેખનીય છે કે ૨૦૧૯ની લોકસભા બેઠકના પરિણામ વિશે વાત કરીએ તો ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક ભાજપના પરબતભાઈ પટેલે જીતી હતી. આ લોકસભા બેઠક હેઠળ વાવ, થરાદ, ધાનેરા, દાંતા, પાલનપુર, ડીસા, દિયોદર વિધાનસભા બેઠકો આવે છે.

### NOTA એ તોડ્યો રેકોર્ડ

# નોટાને ઈન્દોરમાં બે લાખથી વધુ મત મળ્યા

## મતદારોએ ઉમેદવારો પ્રતિ નારાજગી વ્યક્ત કરી

ઈન્દોર, તા.૫

NOTA એ ઈન્દોરમાં લોકસભા ચૂંટણીની મતગણતરીના દિવસે રેકોર્ડ બનાવ્યો છે અને તેની સાથે જ ઈન્દોર લોકસભા સીટ પર દેશમાં સૌથી મોટા માર્જિનથી જીતનો રેકોર્ડ પણ બન્યો છે. NOTA માટે ઈન્દોરમાં સૌથી મોટી જીત હાંસલ કરવાનો અને દેશમાં સૌથી વધુ મત મેળવવાનો નવો રેકોર્ડ સર્જાયો છે.

ચૂંટણી પંચ (EC) ના ડેટા અનુસાર, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતોની ગણતરી ચાલી રહી છે. તેમજ મતદારો પાસે તમામ ઉમેદવારો પ્રત્યે નારાજગી વ્યકત કરવાનો વિકલ્પ નોટા એટલે ઉપરોકતમાંથી કોઈ નહીંને ઈન્દોરમાં ૨ લાખથી વધુ મત મળ્યા છે. ચૂંટણી પંચે કહ્યું કે NOTAને લગભગ ૧.૬૨ ટકા વોટ મળ્યા છે. તે જ સમયે, ભાજપને લગભગ ૬૦ ટકા વોટ મળ્યા હતા. તમને જણાવી દઈએ કે NOTA નો આ પહેલો નોંધપાત્ર મામલો નથી. ૨૦૧૯ માં, ઈન્દોરમાં ૬૯.૩૧ ટકા મતદાન થયું હતું. જેમાં ૫,૦૪૫ મતદારોએ NOTA પસંદ કર્યું હતું. હવે તમે વિચારતા હશો કે આ કેવી રીતે થયું? NOTAને આટલી મોટી સંખ્યામાં વોટ કેવી રીતે મળ્યા? હકીકતમાં, એક અભૂતપૂર્વ પગલું લેતા કોંગ્રેસે મતદારોને નોટાનો વિકલ્પ પસંદ કરવાનો આગ્રહ કરતા એક અભિયાન શરૂ કર્યુ હતું. કારણકે તેના ઉમેદવાર અક્ષય કાંતિ બામે ૨૯ એપ્રિલે અંતિમ સમયે લોકસભા ચૂંટણીથી પોતાનું નામાંકન પાછુ લઈ લીધું હતું. જેનાથી પાર્ટી પાસે વૈકલ્પિક ઉમેદવાર ઉભો કરવાનો સમય બચ્યો નહતો.

હાલના નિયમો અનુસાર, જો NOTAને કોઈ મતવિસ્તારમાં સૌથી વધુ મત મળે છે, તો બીજા નંબરના સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો NOTA ઈન્દોરમાં ભાજપના ઉમેદવાર શંકર લાલવાણીથી આગળ થઈ જાય, તો પણ લાલવાણી લોકસભાના સાંસદ બનશે. કોંગ્રેસના નેતાઓના જણાવ્યા અનુસાર, તે આ લડાઈમાં પ્રતીકાત્મક જીત માટે ઉતરી છે અને લડાઈ વિના હાર સ્વીકારવા તૈયાર નથી. ભાજપના લાલવાણી ઈન્દોરના વર્તમાન સાંસદ છે. જેમણે ૨૦૧૯માં આ બેઠક ૫.૪ લાખ મતોના માર્જિનથી જીત મેળવી હતી.

### ભાજપના યુવા નેતાએ કર્યો કમાલ

# વડોદરામાં ભાજપના યુવા નેતા ડો. હેમાંગ જોષીની જીત

## ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષીએ કોંગ્રેસના ઉમેદવાર જશપાલસિંહ પઢિયારને હરાવી દીધા

વડોદરા તા.૫

ભારતીય જનતા પાર્ટીએ પોતાનો ગઢ જાળવી રાખતા ફરી એકવાર વડોદરા લોકસભા બેઠક કબજે કરી લીધી છે. વડોદરામાં ભાજપે ઉમેદવાર બદલ્યાં છતાં પોતાની જીતનો સિલસિલો યથાવત રાખ્યો છે. વડોદરા લોકસભા સીટ પર ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષીએ કોંગ્રેસના ઉમેદવાર જશપાલસિંહ પઢિયારને હરાવી દીધા છે.

વડોદરા લોકસભા સીટ ભાજપનો ગઢ ગણવામાં આવે છે. આ બેઠક પરથી ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ જીત મેળવી હતી. ત્યારે ૨૦૨૪ની ચૂંટણીમાં ૩૩ વર્ષીય ડો. હેમાંગ જોષીએ જીત મેળવી છે. ભાજપનો મુકાબલો કોંગ્રેસ નેતા જશપાલસિંહ પઢિયાર સામે હતો. પરંતુ ભાજપે આ સીટ જીતીને પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. નોંધનીય છે કે ૧૯૮૯થી ભારતીય જનતા પાર્ટી વડોદરા બેઠક જીતતી રહી છે.

ગુજરાતની સંસ્કારી નગરી તરીકે ઓળખાતા શહેર વડોદરાના રાજકારણમાં છેલ્લા કેટલાક દાયકાથી ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળી રહ્યો છે. આઝાદી બાદ વર્ષો સુધી આ બેઠક રાજવી પરિવારના ખાતામાં રહી હતી. મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડ ૪ વખત તો રણજીતસિંહ ગાયકવાડ બે વખત આ સીટથી સાંસદ રહ્યાં હતા. પરંતુ ૧૯૮૯થી ભાજપે વડોદરાને પોતાનો ગઢ બનાવ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ પોતાની પ્રથમ યાદીમાં વડોદરા બેઠક પરથી વર્તમાન સાંસદ રંજનબેન ભટ્ટને ટિકિટ આપી હતી. પરંતુ ત્યારબાદ તેમનો વિરોધ પણ થયો હતો. અંતે ભારતીય જનતા પાર્ટીએ આ સીટ પર ઉમેદવાર બદલવાની ફરજ પડી હતી. ત્યારબાદ ભાજપે યુવા નેતા ડો. હેમાંગ જોષીને મેદાનમાં ઉતાર્યા હતા.

૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં વડોદરા બેઠકમાં હાર-જીતની લીડનાં અંતરની વાત કરીએ તો રંજનબેન ભટ્ટને ૮,૮૩,૭૧૯ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર પ્રશાંત પટેલને ૨,૯૪,૫૪૨ મત મળ્યા હતા. એટલે કે કુલ વોટના ૭૨% મત ભાજપને મળ્યા અને ૨૪.૦૭% વોટ કોંગ્રેસને મળ્યા હતા. ત્યારે ભાજપના ઉમેદવાર રંજનબેન ભટ્ટ ૫,૮૯,૧૭૭ મતોની લીડથી જીત્યા હતા.

વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં આ સીટ પરથી ભાજપના બાલકૃષ્ણ શુકલા જીત્યા હતા. ત્યારે તેમને ૫૭.૪૦ ટકા મત મળ્યા હતા. જ્યારે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ આ સીટ પરથી ઝંડલાવ્યું હતું. પીએમ મોદી મોટી લીડથી અહીંથી ચૂંટણી જીત્યા હતા. નરેન્દ્ર મોદીને ૭૨.૭૯ ટકા મત મળ્યા હતા. પ્રધાનમંત્રી બન્યા બાદ નરેન્દ્ર મોદીએ આ સીટ છોડી દીધી હતી. ત્યારબાદ ત્યાં યોજાયેલી પેટા ચૂંટણીમાં રંજનબેન ભટ્ટ જીત્યા હતા. જ્યારે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રંજનબેન ભટ્ટને ૮.૮૩ લાખ કરતા વધુ મત મળ્યા હતા.

### ગુજરાતમાં એક-એક રૂપિયો ઉઘરાવીને ચૂંટણી લડી

# અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલની ભવ્ય જીત થઈ

## દમણ-દીવ બેઠક પર અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે એકલા હાથે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને ભોંય ભેગા કર્યાં

દમણ તા.૫

ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે, અપક્ષ ઉમેદવારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને ચૂંટણીની જંગમાં ધૂળ ચટાડી છે. દીવ દમણ લોકસભા બેઠક પર કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ વચ્ચે જંગ હતી. અહીં ત્રણ પાટીદાર ઉમેદવારો મતદારોને રીઝવવા મેદાનમા ઉતર્યા હતા, પરંતુ અહી અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે એકલા હાથે જંગી જીત હાંસિલ કરી છે. અપક્ષ ઉમેદવાર અંદાજિત ૬ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે. ઉમેશ પટેલ પાસે કોઈ કાર્યકર્તાઓની ફૌજ ન હતી, તેઓ એકલા હાથે દીકરી સાથે મત માંગવા નીકળ્યા હતા.

ઉમેશ પટેલ ખરેખર આ સફળતાના હકદાર છે. કારણ કે, તેઓ એકલા હાથે ચૂંટણી લડ્યા હતા, અને જીત્યા પણ. તેમના ચૂંટણી પ્રચારની સ્ટાઈલ લોકોને વધુ સ્પર્શી ગઈ હતી. કારણ કે, લોકો પાસેથી એક-એક રૂપિયો ભેગો કરીને તેઓ ચૂંટણી લડ્યા હતા. ફાળો માંગવા તેમણે પોતાના મત વિસ્તારમાં લોકોના ચરણ સ્પર્શ પણ કર્યા હતા. સંઘ પ્રદેશ દમણ-દીવમાં મોટો અપસેટ સર્જાયો. ત્રણ વખતથી વિજેતા ભાજપના ઉમેદવાર લાલુ પટેલની હાર થઈ છે. તો અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલનો ભવ્ય વિજય થયો છે. અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે ભાજપના ગઢમાં પાડ્યું ગાબડું. પ્રશાસક પ્રફુલ પટેલથી મતદારો ભારે નારાજ હતા. જેની અસર લોકસભાની ચૂંટણીમાં જોવા મળી.

સંઘપ્રદેશ દમણ દીવ લોકસભા બેઠક પર અપક્ષ ઉમેદવારે અનોખી રીતે ચૂંટણી પ્રચાર કર્યો હતો. અપક્ષ ઉમેદવાર લોકો પાસે ઉમેશ પટેલ મતની સાથે ચૂંટણી લડવાનો ફાળો પણ માંગ્યો હતો અને લોકો પણ તેમને હોંશે હોંશે ફંડ આપી રહ્યા છે. ઉમેશ પટેલ એકલા હાથે ચૂંટણી પ્રચાર કર્યો હતો. ઉમેશ પટેલની સાથે તેમના કોઈ કાર્યકર્તાઓની ફોજ ન હતી. તેઓ ચૂંટણી પ્રચાર માટે એકલા વિવિધ વિસ્તારોમાં નીકળ્યા હતા. તેઓ મતદારો પાસે મત માગતા હતા અને સાથે તેમના ચરણ સ્પર્શ પણ કરતા હતા. હાથમાં ફંડ ફાળો એકત્રિત કરવા માટે ગલ્લો લઈને ઉમેશ પટેલ મતદારોને ઘરે ઘરે ફાળો મત અને આશીર્વાદ માંગતા અને ત્યારબાદ પોતાના માટે મત માંગતા હતા.

દેશમાં લોકસભાની ચૂંટણી પ્રચારમાં આપ સૌએ ચૂંટણીમાં ઉમેદવારો કે રાજનેતાઓ મતદારો પાસે જઈ અને માત્ર મત જ માગતા હોવાની અપીલ કરતાં જોવા મળ્યા હતા. પરંતુ રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ દીવ લોકસભા બેઠક પર એક અપક્ષ ઉમેદવાર અનોખી રીતે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. જેઓ મતની સાથે મતદારો પાસે ચૂંટણી લડવાનો ફાળો પણ માગી રહ્યા હતા અને લોકો પણ હોંશે હોંશે આ અપક્ષ ઉમેદવારને ફંડ પણ આપ્યો હતો.

### ઈઝરાયલના જંગલોમાં ભીષણ આગનો બનાવ

# હિઝબુલ્લાહે સેંકડો રોકેટ ઝીંકતા યુદ્ધના એંધાણ

## સેંકડો રોકેટ અને ડ્રોનના હુમલાઓથી જંગલોમાં આગ

જેરૂસાલેમ તા.૫

આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના સતત રોકેટ અને ડ્રોન દ્વારા હુમલાના કારણે ઉત્તરી ઈઝરાયલના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. આ આગ ખૂબ જ ભયાનક છે. ઈઝરાયલ ફાયર ફાઈટર દળો આગ પર કાબુ મેળવવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી આગ પર કાબુ મેળવી શકાયુ નથી. પોલીસે કેટલાક રાજયોના રસ્તાઓ અને મુખ્યમાર્ગો બંધ કરી દીધા છે, જેથી કરીને લોકો આગવાળા વિસ્તારોમાં ન જાય.

ઈઝરાયલના કેટલાક નાગરિકો લેબનાનની સરહદ નજીક વસવાટ કરે છે, તેમના ઘરોની આસપાસના જંગલોમાં ભયાનક આગ ફાટી નીકળી છે. જો કે, અહીંના રહેવાસીઓને મહીના પહેલા સુરક્ષિત જગ્યા પર ખસેડવામાં આવ્યા હતા. કારણ કે, હિઝબુલ્લાહના આતંકવાદીઓ સતત ઈઝરાયલ પર હુમલાઓ કરી રહ્યા હતા. મહત્ત્વની વાત છે કે, ઈઝરાયેલ પણ તેની સામે જડબાતોડ જવાબ આપી રહ્યું છે.

મળતા રિપોર્ટના કહેવા પ્રમાણે હિઝબુલ્લાહના સેંકડો રોકેટ અને ડ્રોનના હુમલાઓના કારણે જંગલોમાં લાગેલી આગ હાલમાં કેટલાક ઘરોમાં પ્રસરી ગઈ હતી. ઈઝરાયલ મિલિટ્રીએ આગ ઓલવવા માટે જરુરી યંત્ર અને સૈનિકોને મોકલી દીધા છે. પરંતુ આગ એટલી ઝડપી ફેલાઈ રહી છે કે, તેને ઓલવવી ખૂબ જ મુશ્કેલ થઈ રહ્યું છે. તેમજ સતત આગ ફેલાવાના કારણે હવામાન ખૂબ જ ગરમ થઈ ગયુ છે. આગ ઓલવવાની કોશિશમાં હાલમાં છ જવાનો ઈજાગ્રસ્ત થયા છે. ઈઝરાયલી મિલિટ્રીએ આપેલા એક નિવેદનમાં કહ્યું કે, ઈઝરાયલી સેના આગવાળા વિસ્તારો પર કાબુ મેળવી લીધો છે. તેમજ હવે કોઈનો જીવ જોખમમાં નથી. ઈઝરાયલના વન વિભાગનું કહેવું છે કે, આગના કારણે સેંડકો એકર જંગલ બળીને ખાખ થઈ ગયું છે. હજુ પણ તેના પર નિયત્રંણની કોશિશ ચાલુ છે. બીજી તરફ ઈઝરાયલની નેશનલ ફાયર સર્વિસે તેના અગ્નિશામકોને સતર્ક રહેવા જણાવ્યું છે. ફાયર બ્રિગેડના સેંકડો જવાનો રાત્રે પણ આગ ઓલવવા માટે સતત કાર્યરત છે. સૌથી ખરાબ હાલત કિરયાત શમોના શહેરની છે. અહીં, એક લાઈનમાં કેટલાય ઘરો આગનું નિશાન છે. તેમને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# બોલિવુડ એક્ટર વરૂણ ધવન પિતા બની ગયો



મુંબઈ, તા.૫

બોલીવુડ ઈન્ડસ્ટ્રીથી આજે ગુડ ન્યુઝ સામે આવ્યા હતા. જાણીતા નિર્માતા ડેવિડ ધવને પોતે દાદા બન્યા હોવાના અહેવાલો આપ્યા હતા, અને કહ્યું કે તેમનો પુત્ર બોલિવુડ એક્ટર વરુણ ધવન પિતા બની ગયો છે. એક્ટરની પત્ની નતાશા દલાલે ૩ જૂન ૨૦૨૪ના રોજ પુત્રીને જન્મ આપ્યો છે. સૌપ્રથમ વરુણ ધવનના પિતા ડેવિડ ધવને આ વાતની પુષ્ટિ કરી હતી. ૩ જૂન ૨૦૨૪ના રોજ નતાશા દલાલને લેબર પેઈન થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વરુણ ધવન પણ હોસ્પિટલની બહાર સ્પોટ થયો હતો. આ દરમિયાન વરુણના હાથમાં એક બેગ અને પાણીની બોટલ હતી.ધવન પરિવાર હાલમાં ખુશીથી ઝૂમી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વરુણના ચાહકો તેને સતત અભિનંદન પાઠવી રહ્યા છે.

હવે એક્ટરે પણ ચાહકો સાથે પોતાની ખુશી શેર કરી છે. વરુણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી વીડિયો શેર કરીને ચાહકોનો આભાર માન્યો છે. વરુણ ધવન અને નતાશા પહેલીવાર પેરેન્ટ્સ બન્યા છે. આ અવસર તેના માટે ખૂબ જ ખાસ છે. વરુણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી એક ક્યૂટ વીડિયો શેર કર્યો છે. વીડિયો શેર કરતા એકટરે લખ્યું કે, 'હમારી બિટિયા રાની કા આગમન હો ચૂકા હૈ'. વરુણ ધવને આગળ લખ્યું કે, તમે પાઠવેલી તમામ શુભકામના માટે આભાર જે તમે માતા અને દીકરી માટે પાઠવી છે. ત્યારબાદ તેણે ઈશ્વરનો આભાર માનતા લખ્યું કે, 'હરે રામ હરે રામ, રામ રામ હરે હરે, હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે. સોશિયલ મીડિયા પર વરુણની આ પોસ્ટ ખૂબ વાયરલ થઈ રહી છે. આ પહેલા વરુણ ધવને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ પત્ની નતાશાની પ્રેગ્નન્સીના ગુડ ન્યૂઝ ચાહકો સાથે શેર કર્યા હતા. ફોટો શેર કરતા એક્ટરની પત્ની એ કહ્યું હતું કે, હું માતા બનવા જઈ રહી છુ અને મને તમારા આશીર્વાદ અને પ્રેમની ખૂબ જરૂર છે.

# જામનગર લોકસભા સીટની રસાકસીભરી ચૂંટણીમાં સાંસદ પૂનમબેન માડમને દ્વારકા જિલ્લાની ૧,૦૭,૫૫૭ મતની લીડ



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૫

હાલારની દીકરી પૂનમબેન માડમને ભાજપ દ્વારા વધુ એક વખત લોકસભાના ઉમેદવાર તરીકેની ટિકિટ અપાતા તાજેતરમાં ચૂંટાઈ યોજાઈ ગયેલી ચૂંટણી બાદ ગઈકાલના પરિણામમાં નોંધપાત્ર કહી શકાય તેવા ૨.૩૮ લાખના મતોની જંગી લીડ સાથે તેમણે વિજય હાંસલ કર્યો છે. જેમાં ખંભાળિયા સહિત જિલ્લામાંથી સાંસદ પૂનમબેન માડમને ૧.૦૭ લાખ મતની જંગી લીડ પ્રાપ્ત થઈ છે. લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ જામનગર લોકસભા વિસ્તારના વર્તમાન સંસદ પૂનમબેન માડમને પાર્ટી દ્વારા સતત ત્રીજી વખત ટિકિટ આપવામાં આવતા કોંગ્રેસ દ્વારા લાંબી ગડમથલ અને ચર્ચા-વિચારણાઓ પછી અહીં આહિરના બદલે પટેલ ઉમેદવારને ટિકિટ આપવાની પસંદગી ઉતારી હતી. કોંગ્રેસના આ દાવ વચ્ચે રૂપાલાના કથન બાદ થયેલા રાજપુત આંદોલન પછી જામનગર તથા દ્વારકા જિલ્લામાં ઠેર ઠેર રાજપૂતો દ્વારા ભાજપની સભા વચ્ચે કરવામાં આવેલા દેખાવો તેમજ વિરોધ તથા દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં જિલ્લા ભાજપ કાર્યાલયના લોકાર્પણમાં ખુરશી ઉડવાના સહિતના બનેલા બનાવો વચ્ચે ભાજપ માટે વન-વે ગણાતી જામનગર લોકસભાની આવા સીટ પર રસાકસી સર્જાઈ હતી અને એક તબક્કે સોશિયલ મીડિયા તેમજ કેટલીક યુ-ટ્યુબ ચેનલોમાં તો અહીં ભાજપની સીટ જોખમમાં હોવાના મુદ્દાઓ વહેતા થયા હતા. ગઈકાલે જામનગરમાં યોજાઈ ગયેલી મતગણતરીમાં પુનમબેન માડમને ૨,૩૮,૦૦૮ મતની નોંધપાત્ર લીડ હાંસલ કરતા સતત ત્રીજી વખત જીત હાંસલ કરી છે. જામનગર લોકસભામાં કુલ સાત વિધાનસભા મતવિસ્તાર છે. ભાજપમાં તેની લીડ જોઈએ તો કાલાવડમાંથી ૧૦,૮૦૦, જામનગર ગ્રામ્યમાંથી ૧૦,૯૦૦, જામ જોધપુરમાંથી ૨૬,૯૪૦, ૭૧ - જામનગર શહેરમાંથી ૪૦,૮૦૦, ૭૯ - જામનગર દક્ષિણમાંથી ૪૪,૩૪૫ ખંભાળિયા વિધાનસભા વિસ્તારમાંથી ૪૨,૮૭૪ અને દ્વારકામાંથી ૬૦,૪૦૦ મળીને કુલ લીડ ૨,૩૮,૦૦૮ ની થઈ છે. જે વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ ની ચૂંટણીની લીડ કરતા પણ વધુ છે. આ લીડમાં દ્વારકા જિલ્લાનો સિંહફાળો જોવા મળી રહ્યો છે. જામનગર ઉત્તર અને દક્ષિણ, જામજોધપુર, કાલાવડ અને જામનગર ગ્રામ્ય આ પાંચ વિધાનસભા માટે કુલ ૧,૩૭,૪૫૧ ની લીડ ભાજપને મળી છે. જ્યારે દ્વારકા જિલ્લામાં ખંભાળિયાના ૩૨૭ બુથમાંથી ૪૨,૯૪૩ ની તેમજ દ્વારકાના ૩૦૭ બુથમાંથી ૬૦,૪૦૪ ની લીડ મળી છે. જામજોધપુરના ૧૮ બુથ કે જે દ્વારકા જિલ્લામાં આવે છે, તેમાંથી પણ ૪,૨૧૦ મતની લીડ સાથે કુલ ૧,૦૭,૫૫૭ની લીડ દ્વારકા જિલ્લાના માત્ર બે નાના વિધાનસભા વિસ્તારે ભાજપને અપાવી છે. પુનમબેન માડમએ નોંધપાત્ર મતોથી લીડ મેળવીને સતત ત્રીજી વખત જીતની હેટ્રીક પ્રાપ્ત કરતા પાર્ટી દ્વારા તેમને સંભવિત રીતે કેન્દ્રીય કેબિનેટ મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તો પણ નવાઈ નહીં તેમ જાણકારોમાં ચર્ચાઈ રહ્યું છે.

## સતત ત્રીજી વખત જીત બાદ ભગવાન દ્વારકાધીશના પુનમબેન માડમે દર્શન કર્યા





(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૫ : જામનગર લોકસભામાં માં ભવ્ય વિજય બાદ ભાજપમાં સતત ત્રીજી વખત જીતી સાંસદ પૂનમબેન માડમ યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશના દર્શને પધાર્યા હતા.જ્યાં તેમણે જગતગુરૂ શંકરાચાર્યજી સ્વામી સદાનંદ સરસ્વતીજીના આશીર્વાદ લીધા ત્યારે ધારાસભ્ય પબુભા માણેક પણ સાથે રહ્યા હતા.

## ખંભાળિયા નજીક પીકઅપ વાનમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા પાંચ પશુઓ ઝબ્બે





(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા નજીકના પોરબંદર માર્ગમાંથી ગત સાંજે પસાર થઈ રહેલા અહીંના એક પશુ સેવા સંસ્થાના સક્રિય કાર્યકર દ્વારા એક બોલેરો પીકઅપ વાહનને અટકાવી, તેમાં જોતા આ વાહનમાં બેરહેમી પૂર્વક પાંચ અબોલ પશુઓને લઈ જવાતા હોવાનું ખુલવા પામ્યું હતું. જે અંગે પશુ સંસ્થાના દેશુરભાઈ ધમા દ્વારા જેતપુર - નવાગઢ વિસ્તારના બે શખ્સોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે ખંભાળિયા માં રહેતા અને અહીંની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર સંસ્થામાં છેલ્લા સાતેક વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓ કરતા દેસુરભાઈ ગગુભાઈ ધમા નામના યુવાન ગઈકાલે મંગળવારે પોતાના પશુ એમ્બ્યુલન્સ લઈને કોલવા ગામ ખાતે પશુની સેવા કરવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન ખંભાળિયાની પાયલ હોટલ પાસેના રેલવે ફાટક પહોંચતા તેમના વાહનની આગળ જઈ રહેલી એક બોલેરો જી.જે. ૦૩ બી.ડબલ્યુ. ૭૬૧૩ નંબરની બોલેરો પીક અપ વાહનમાં કેટલાક પશુઓને ખીચોખીચ રીતે લઈ જવામાં આવતા હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. આથી દેશુરભાઈ તેમજ અન્ય કાર્યકરઓએ આ બોલેરોને અટકાવી તેમાં ચેકિંગ કરતા તેમાં ચાર નાના પાડા તેમજ એક પાડી એમ કુલ પાંચ પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધી, અને પાણી તથા ચારાની કોઈપણ પ્રકારની વ્યવસ્થા વગર અને આ પશુઓ બોલેરોમાં હલનચલન કરી ન શકે તેવી રીતે ટૂંકા દોરડા વડે બાંધીને લઈ જવાતા હોવાનું ખુલવા પામ્યું હતું.આ પછી વાહનના ચાલક તેમજ તેની સાથે રહેલા શખ્સને ઉતારીને તેઓની પૂછપરછ કરતા રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં રહેતા સોહિલ અમીનભાઈ લાખાણી અને ઈમરાન યુસુફ અન્સારી નામના આ બંને શખ્સો પાસે કોઈપણ પ્રકારના આધાર પુરાવા ન હતા. તેઓની પૂછપરછમાં આ શખ્સો ઉપરોક્ત પશુઓને ખંભાળિયા તાલુકાના બેરાજા ગામેથી અલગ અલગ જગ્યાએથી માલિકો પાસેથી લઈ અને જુનાગઢ ખાતે સક્કર બાગમાં આપવા જતા હોવાનું જણાવ્યું છે. આ સમગ્ર પ્રકરણ અંગે દેશુરભાઈ ધમાની ફરિયાદ પરથી બોલેરો સવાર સોહિલ લાખાણી તથા ઈમરાન અન્સારી દ્વારા પોતાના બોલેરોમાં પાંચ પશુઓને ખીચોખીચ અને હલીચલી ન શકે તેમજ પાણી અને ચારાની વ્યવસ્થા વગર ક્રૂરતાપૂર્વક લઈ જવા અંગેની ફરિયાદ અરજી અહીંની પોલીસને કરવામાં આવી છે. જે અંગે પોલીસે પશુઓ પ્રત્યે ક્રૂરતાના અધિનિયમ સહિતની વિવિધ કલમ હેઠળ જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી. આ પશુઓને અહીંની ગૌશાળામાં મોકલવામાં આવ્યા છે.

## પિતા પાસે લેણી થતી રકમ તેમના મુત્યુબાદ પુત્રોને પણ ભરવી પડે : વિસાવદર કોર્ટ

### પી.જી.વી.સી.એલ. કંપનીની લેણી રકમની દરખાસ્તમાં એડવોકેટ નયનભાઈ જોશીની ધારદાર દલીલો

(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદરતા.૫

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી. વી.સી.એલ.કંપનીના અધિક્ષક ઈજનેર બી.ડી. પરમારની સૂચના અને માર્ગદર્શન થી વિસાવદર સિવિલ કોર્ટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના સબ ડિવિઝન નંબર-(૨)ના નાયબ ઈજનેર કમલ અખેણીયા દ્વારા વિસાવદર કોર્ટમાં કરશનભાઈ જીવાભાઈ વાળા સામે જુદા જુદા બે દાવાઓ દાખલ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદીએ પાવરચોરીની રકમ નહિ ભરતા અને બન્ને દાવા વિસાવદર કોર્ટમાં ચાલી જતા પ્રતિવાદી વિરુદ્ધ બન્ને દાવામાં રકમ વ્યાજ,વકીલ ફી તથા કોર્ટ ફી સહિતની રકમ ચૂકવવા કોર્ટ આદેશ કરેલો નામદાર કોર્ટના હુકમ બાદ પણ પ્રતિવાદી તરફથી કોર્ટનો હુકમ હોવા છતાં રકમ નહિ ભરતા પી.જી.વી.સી. એલ.કંપનીના સબ ડિવિઝન નંબર (૨)ની સૂચના મુજબ વિસાવદર ના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા વિસાવદર કોર્ટમાં જુદી જુદી બે દરખાસ્તો દાખલ કરતા પ્રતિવાદીનુ અવસાન થયેલ હોય તેવા શેરા સાથે સમન્સ પરત આવેલ તેજ દિવસે પ્રતિવાદીના વારસો પણ અન્ય દરખાસ્તના કામમાં કોર્ટમાં હાજર હોય તેઓને ગુજરનાર પ્રતિવાદીના વારસો તરીકે જોડવા અને તેમની સામે દરખાસ્તનું કારણ ચાલુ રહેતું હોય તેમજ પિતાનું લેણું ચુકવવાની પુત્રોની કાયદા મુજબ જવાબદારી થાય તે સંબંધે રજુઆત કરતા તેમના બન્ને પુત્રો બટુકભાઈ તથા ભુપતભાઈ ને વારસો તરીકે જોડવા તથા તેમના પિતાનું લેણું તેમના પુત્રોએ ભલે તે હૈયાત ન હોય તો પણ ભરપાઈ કરવું પડે તેવી રજુઆત ધ્યાને લઈ પ્રતિવાદીઓ સામે કાર્યવાહી ચાલુ રાખતા આખરે પુત્રોએ પિતાની સામે લેણી રહેતી રકમ તેમના અવશાન બાદ પુત્રોએ ભરવાની થતી હોય તેવું પ્રતિવાદીને સમજાવતા આખરે બન્ને પુત્રોએ તેમના ગુજરનાર પિતા પાસે લેણી થતી બન્ને કેસની રકમ ભરી આપતા કેસનો સુખદ અંત આવેલ હતો.નામદાર કોર્ટમાં આ રીતે સમજાવટ કરતા અન્ય કેસોમાં પણ પિતા ગુજરી ગયેલ હોય તેવા કિસ્સામાં તેમના પુત્રોએ રકમ ભરવી પડે તેવો નિર્ણય કરતા ઘણા કેસોમાં રકમ ભરાઈ જશે.આ કામમાં વાદી કંપની વતી વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

## માણાવદરના ઈતિહાસમાં સૌથી વધુ લીડ લાડાણીને મળી



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૫

ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના દિગ્ગજ નેતા અને સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાને હરાવી કોંગ્રેસમાંથી અરવિંદભાઈ લાડાણી ચૂંટાયા હતા. બાદમાં ૧૬ મહિન જેટલા કોંગ્રેસના ધારાસભ્ય તરીકેથી રાજીનામું આપી ભાજપમાં પ્રવેશ કર્યો હતો અને માણાવદર વિધાનસભામાં પેટા ચૂંટણીમાં ભાજપમાંથી પેટા ચૂંટણી લડી હતી. ત્યારે મત ગણતરી થતા વિધાનસભાના ઈતિહાસમાં સૌથી મોટી લીડથી જીત્યા હતા. પોરબંદરની સરકારી પોલિટકેનીક કોલેજ ખાતે પોરબંદર લોકસભા અને પોરબંદર તેમજ માણવદર વિધાનસભાની મતગણતરી હાથ ધરવામા આવી હતી. જેમાં માણાવદર - વંથલી - મેંદરડાનાં મતદારોએ ઈતિહાસ રચ્યો હોય તેમ માણાવદરના વિધાનસભા ભાજપના ઉમેદવારને જંગી બહુમતી વિજય બનાવ્યા હતા. જેમાં ભાજપના અરવિંદભાઈ લાડાણી ૨૦ રાઉન્ડના અંતે કુલ ૮૨૦૧૭ મત મળ્યા હતા જયારે તેમના પ્રતિસ્પર્ધી કોગ્રેસના ઉમેદવાર હરિભાઈ કણસાગરાને ૫૧૦૦૧ મત મળ્યા હતા. ત્યારે ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ લાડાણી ૩૧૦૧૬ મતોની લીડ મળી છે. જે અત્યાર સુધીના વિધાનસભાના કોઈ ઉમેદવારને મળી નથી જેને પગલે ભાજપમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## ગુજરાત ભાજપ સરકારના તઘલખી નિર્ણય એવા કોમન એડમીશન સર્વીસ પોર્ટલથી વાલી-વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન

(પ્રતિનિધી દ્વારા)
માણાવદર તા.૫

છેલ્લા થોડા દિવસોથી શરૂ થયેલા ગુજરાત ભાજપ સરકારના તઘલખી નિર્ણય એવા કોમન એડમીશન સર્વીસ પોર્ટલનો ઠેર ઠેર વિરોધ થઈ રહયો છે. આ પોર્ટમાં રજીસ્ટ્રેશન કર્યુ તો ફી ખોટી ભરવાની બીનજરૂરી ખર્ચ ભોગવવાનો વારો આવ્યો છે. ફી ભરી નથી તો એડમીશનના મળે તેવા ભાજપ સરકારના તઘલખી નિર્ણય લોકશાહી ઉપર ઘા સમાન છે. વિદ્યાર્થી પોતાની રીતે મુકત રીતે એડમીશનના લઈ શકે જો તમે રજીસ્ટ્રેશન ના કર્યુ હોય કે ફી ના ભરી હોય તે લોકોમાં સ્વતંત્રતા ઉપર તરાપ સમાન છે. એવા હજારો વિદ્યાર્થીઓ છે કે રજીસ્ટ્રેશન કર્યુ ફી નથી ભરી શકયા તો પોર્ટલ બંધ કરી દીધુ હવે વિદ્યાર્થીઓના ભાવી સાથે ખુલ્લેઆમ ચેડા થઈ રહયા છે. પહેલા ગામે ત્યારે ગમે તે કોલજમાં મુકતપણે એડમીશન લઈ શકતાં હવે ભાજપ સરકાર ઈચ્છે તો જ તમે ભણી શકો તે દુનિયામાં ગુજરાત ભાજપ સરકાર જ કરી શકે તેવા નિર્ણયથી ભાજપ સરકાર સામે રોષ ભભુકયો છે. ફી નથી ભરી શકયા તેવા વિદ્યાર્થીઓના ભાવી સાથે ભયંકર ચેડા થઈ રહયાનું વાલીઓમાં ચર્ચાય રહયું છે. લોકોને ભણવું છે પણ આ પોર્ટલના નિર્ણયથી ભણવા દેવામાં આવતા નથી. લાખો વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન નથી કર્યુ ? તો શુ તેને કોલેજના અભ્યાસથી વંચિત રહેશે.

તાકીદે વાલી, વિદ્યાર્થીઓમાંથી માંગ છે કે આવા પોર્ટલના તઘલખી નિર્ણય બંધ કરી ઓપન એડમીશન પહેલા કોઈપણ કોલેજમાં લઈ શકતા તેમ કરો નહી તો લોકશાહી દેશમાં ગુજરાતના વિદ્યાર્થીઓ મુકતપણ ભરી નહી શકે તે ભાજપ સરકારના આવા નિર્ણયના કારણે પોર્ટલ સર્વીસમાં ફી ભરાવેલી કોલેજમાં ફોર્મ ફી ભરવાની પ્રજાજનોને ખોટી રીતે બીનજરૂરી ખર્ચ કરાવે છે. ભાજપ સરકારના તઘલખી નિર્ણયથી વાલી-વિદ્યાર્થીઓ ભાજપ સરકાર સામે ભયંકર રોષ ભભુકેલો છે. જે તે કોલેજમાં ઓલરેડી એડમીશન ઓનલાઈન થતું જ હોય છે તો પછી ફરજીયાત રજીસ્ટ્રેશનના નામે ખર્ચા શુ કામ કરાવે છે ભાજપ સરકારના તંત્ર ? આવા નિર્ણયોથી આ વિદ્યાર્થી-વાલીઓ હવે વોટ ભાજપને દેતા પહેલા જરૂર વિચારશે તો ચોકકસ છે. ઉપરાંત નાપાસ થયેલા તથા એનઆઈઓએસ વિદ્યાર્થીઓના રીઝલ્ટ બાકી હોય કોઈ બીજી સંસ્થાના પરિણામો બાકી હોય તો તેના ભાવી સાથે શું થશે ? તાકીદે પોર્ટલ દુર કરી મુકત અભ્યાસ એડમીશન કરો તેવી લોકમાંગ ઉઠવા પામી છે. નેટના પ્રોબ્લેમ કે અન્ય કારણે ફી નથી ભરી શકયા તેનું ભવિષ્ય શું ? લોકોને અભ્યાસથી વંચીત રાખવા માંગે છે તેવું ફલીત થઈ રહયું છે.

## ચોરવાડનાં આછીદ્રા ગામે ફટાડકા ફોડવા બાબતે ડખ્ખો : ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા. ૫

ચોરવાડ તાલુકાનાં આછીદ્રા ગામના રાજેન્દ્રગીરી કેશવગીરી અપરનાથીએ લાખમણભાઈ કરશનભાઈ બારડ સામે ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામના ફરીયાદી સાથે આ કામના આરોપીએ ફટાકડા ફોડવા બાબતે બોલાચાલી ઝગડો કરી આરોપીએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી શરીરે ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ચોરવાડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

## સુરજકરાડી નજીક બાઈક સ્લીપ થતા યુવાનનું મૃત્યુ

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૫

ઓખા મંડળના ભીમરાણા ગામે રહેતા અશોકભાઈ રાજાભાઈ મકવાણા (ઉ.વ. ૨૬) સુરજકરાડીમાં તેમનું મોટરસાયકલ સ્લીપ થઈ જતા તેઓ નીચે પટકાઈ પડ્યા હતા અને તેમને ગંભીર થતાં સારવાર દરમ્યાનન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

## :: અવસાન નોંધ/બેસણું ::

જૂનાગઢ : ગો.વા. ક્રિષ્નાબેન જમનાદાસભાઈ હિંગરાજીયા (ઉ.વ.૯૦) તા.૩/૬/૨૦૨૪ના રોજ ગો.વા.થયેલ છે. સદગતનું બેસણું તા.૬/૬/૨૦૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ બરસાના એપાર્ટમેન્ટ પાર્કીંગ દિપાલી પાર્ક -૩ ઝાંઝરડા રોડ જૂનાગઢ ખાતે રાખેલ છે. બહારગામના સંબંધી તથા સ્નેહીજનોને ટેલીફોનીક શોક સંદેશ પાઠવવા જમનાદાસ મુળજીભાઈ હિંગરાજીયા, દામોદરભાઈ જમનાદાસ હિંગરાજીયા મો.નં.૯૪૨૭૪ ૨૩૪૧૪, મનસુખભાઈ મો.નં.૯૯૭૯૫ ૫૨૯૫૧.

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરું છું કે મૈં મારુ નામ મહંમદસલીમ ઈસાભાઈ પઠાણ માંથી બદલાવી ને સલીમભાઈ ઈસાભાઈ પઠાણ કર્યુ હોય. હવેથી હું સલીમભાઈ ઈસાભાઈ પઠાણ થી ઓળખાઈશ જેની સર્વેએ નોંધ લેવી.


સલીમભાઈ ઈસાભાઈ પઠાણ
માંગરોળ, જુનાગઢ, ગુજરાત.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, જૂનાગઢ જીલ્લાનાં વિસાવદર તાલુકાના ગામ વિછાવડનાં રેવન્યુ સર્વે નં.૨૧૦ (જુના સર્વે નં. ૪૮/પૈકી ૧)ની 'બુટવાળુ' તરીકે ઓળખાતી ખેડવાણ ખેતીની પિયત જમીન હે.આરે.ચો.મી. ૩-૫૫-૩૬ ના ખાતા નં. ૫૨૨ થી શ્રી રણછોડભાઈ ચનાભાઈ સીદપરાના નામે અને ખાતે અને તેમની માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન મારા અસીલએ ખરીદવા નકકી કરેલ છે. તો સદરહું ખેતીની જમીન પરત્વે કોઈ બેન્કનું કે પ્રાઈવેટ સહકારી સંસ્થાઓ કે અન્ય કોઈનું કરજ, બોજો, માલીકી હક્ક, કબ્જા, ભોગવટા, વરસાઈ હક્ક, ભરણપોષણ, ટાઈટલ, સાટાખત, ગીરો, લીયન, પરત્વે કોઈપણ વ્યકિતને કોઈપણ જાતના વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮માં નીચે દર્શાવેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન કોઈપણના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર નહી આવે તો કોઈપણને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી. અને હોય તો સ્વેચ્છાએ જતા **(WAIVE)** કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું ખેતીની જમીનનો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી દરેક લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : ભેસાણ
તા. ૦૪-૦૬-૨૦૨૪
મારા મારફત

**સંજય એફ. રામાણી (એડવોકેટ)**
**સરનામું : ૧૦-૧૨, ભેસાણ તાલુકા લેઉવા પટેલ સમાજ, મામલતદાર ઓફીસ સામે, પરબ રોડ, ભેસાણ મો. ૯૯૨૫૭ ૨૯૨૮૪, ઓફીસ : ૦૨૮૭૩-૨૫૩૮૦૧**

# જૂનાગઢ લોકસભા બેઠક ઉપર ૯ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ લોકસભા બેઠક ઉપરના ૧૧ પૈકી ૯ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થશે. કુલ મતદાનના છઠ્ઠા ભાગના મત મળે તો ડિપોઝીટ પરત મળતી હોય છે. ત્યારે ૯ ઉમેદવારોને સાવ નજીવા મત મળ્યા હોય તેની ડિપોઝીટ ડુલ થશે. આ અંગે મળતી વિગત અનુસાર, જૂનાગઢ લોકસભા બેઠકના ચૂંટણી જંગમાં કુલ ૧૧ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. આમા ભાજપના રાજેશ ચુડસમાએ ૫,૮૪,૦૪૯ મત મેળવ્યા છે. જયારે કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવાએ ૪,૪૮,૫૫૫ મત મેળવ્યા છે. આમ, ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે. દરમ્યાન નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી એચ.વી. પટેલે જણાવ્યું હતું કે, લોકસભા બેઠક ઉપર ચૂંટણી લડવા માટે ૨૫,૦૦૦ની ડિપોઝીટ ભરવાની હોય છે. દરમ્યાન ઉમેદવારોએ થયેલા કુલ મતદાનના છઠ્ઠા ભાગના મત મેળવવાના હોય છે. જો તેનાથી ઓછા મત મળે તો ડિપોઝીટ ડુલ થાય છે. જૂનાગઢમાં કુલ મતદાન ૧૦,૫૪,૨૪૦નું થયું છે. તેના છઠ્ઠા ભાગના મત એટલે ૧,૭૫,૭૦૬ મત મળવા જોઈએ. તેનાથી ઓછા મત મેળવનાર ડિપોઝીટ ગુમાવે છે. ત્યારે જૂનાગઢ લોકસભા બેઠક ઉપરના કુલ ૧૧ ઉમેદવારો પૈકી ભાજપ અને કોંગ્રેસને વધારે મત મળ્યા છે. બાકીના ૯ ઉમેદવારોને ઓછા મત મળ્યા હોય તેની ડિપોઝીટ ડુલ થશે. જેમાં અપક્ષના ભાવેશભાઈ બોરીસગાર (૧૯૦૮ મત), અપક્ષના નાથાભાઈ ડાકી (૧૩૪૪ મત), અપક્ષના દેવેન્દ્ર મોતીવારસ (૨૩૦૯ મત), અપક્ષના દાનસીંગભાઈ વાઢેર (૫૧૮૯ મત), અપક્ષના ગોરધનભાઈ ગોહેલ (૭૭૫ મત), અપક્ષના આરબભાઈ સુમરા (૬૯૪ મત), બહુજન સમાજ પાર્ટીના જયંતિલાલ માંકડીયા (૭૨૮૨ મત), રાઈટ ટુ રિકોલ પાર્ટીના ઈશ્વરભાઈ સોલંકી (૧૧૭૧ મત) અને લોગ પાર્ટીના અલ્પેશભાઈ ત્રાંબડીયા (૯૬૪ મત)ની ડિપોઝીટ ડુલ થશે.

# ભાજપ અને કોંગ્રેસ બંનેને સૌથી વધુ મતો સોમનાથમાંથી મળ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ લોકસભાની બેઠકનું પરિણામ જાહેર થઈ ગયું છે. આ બેઠક ઉપર ભાજપના રાજેશભાઈ ચુડાસમાની સતત ત્રીજી વખત - હેટ્રીક જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના હિરાભાઈ જોટવાની હાર થઈ છે. દરમ્યાન જૂનાગઢ લોકસભાની કુલ ૭ વિધાનસભામાંથી ક્યાં ઉમેદવારને કેટલા મત મળ્યા છે, તેની ચકાસણી કરતા ભાજપ અને કોંગ્રેસના બન્ને ઉમેદવારોને સૌથી વધુ મત સોમનાથ વિધાનસભામાંથી મળ્યા છે. ભાજપના રાજેશભાઈ ચુડાસમાને સોમનાથમાંથી ૯૯,૫૦૭ મત મળ્યા છે. તો કોંગ્રેસના હિરાભાઈ જોટવાને ૮૧,૫૪૨ મત મળ્યા છે. જ્યારે અન્ય વિધાનસભામાંથી જોઈએ તો રાજેશભાઈ ચુડાસમાને જૂનાગઢમાંથી ૯૮,૧૯૧, વિસાવદરમાંથી ૬૮,૧૪૧, માંગરોળમાંથી ૭૧,૮૭૨, તાલાલામાંથી ૬૮,૩૯૭, કોડીનારમાંથી ૭૫,૯૪૮ અને ઉનામાંથી ૯૬,૪૬૦ મત મળ્યા છે. જ્યારે પોસ્ટલ બેલેટમાં ૫,૫૮૩ મત મળ્યા છે. આમ, રાજેશભાઈ ચુડાસમાને કુલ ૫,૮૪,૦૪૯ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના હિરાભાઈ જોટવાને જૂનાગઢમાંથી ૫૬,૫૭૦, વિસાવદરમાંથી ૪૮,૫૮૩, માંગરોળમાંથી ૭૧,૫૬૭, તાલાલામાંથી ૬૮,૩૬૪, કોડીનારમાંથી ૬૨,૩૦૬ અને ઉનામાંથી ૫૫,૨૨૪ મત મળ્યા છે. જ્યારે પોસ્ટલ બેલેટમાંથી ૪,૩૯૯ મત મળ્યા છે. આમ, હિરાભાઈ જોટવાને કુલ ૪,૪૮,૫૫૫ મત મળ્યા છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને કેટલીક વિધાનસભામાં વેફર જેવી પાતળી સરસાઈ મળી હતી. ભાજપને માંગરોળમાં ૭૧,૮૭૨ તો કોંગ્રેસને ૭૧,૫૬૭ મત મળ્યા હતા. અહિં માત્ર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ૩૦૫ મતની સરસાઈ રહી હતી. જ્યારે તાલાલામાં ભાજપને ૬૮,૩૯૭ અને કોંગ્રેસને ૬૮,૩૬૪ મત મળ્યા હતા. અહિં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે માત્ર ૩૩ મતની સરસાઈ રહી છે. જે કર્મચારીઓ ચૂંટણી ફરજમાં હોય અને મતદાનના દિવસે હાજર ન રહી શકે તેવી સ્થિતીમાં હોય તો તેઓ પણ મતદાનથી વંચિત રહી ન જાય અને મતદાન કરી શકે તે માટે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન કરાવાય છે. જૂનાગઢ લોકસભા બેઠક ઉપર બેલેટ પેપરથી થયેલા મતદાન પૈકી કુલ ૧૦,૨૨૦ મત માન્ય ગણાયા હતા. જ્યારે બેલેટ પેપરના ૧,૩૬૯ મત રિજેક્ટ થયા હતા. ઉપરાંત ૫૭૯ લોકોએ નોટામાં મત આપ્યા હતા. આમ સોમનાથનાં ગણીતે ભાજપને ફાયદો કરાવ્યો હતો.

# જૂનાગઢ લોકસભામાં ૧૪,૦૧૩ લોકોના નોટામાં મત પડ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૫

જૂનાગઢ લોકસભા બેઠક ઉપર મત ગણતરી પૂર્ણ થઈ છે. ભાજપના રાજેશ ચુડાસમા સતત ત્રીજી વાર વિજયી બન્યા છે. દરમ્યાન આ ચૂંટણીમાં ૧૪,૦૧૩ લોકોએ નોટામાં મત આપ્યો છે. મતલબ, ૧૪,૦૧૩ લોકોએ ૧૧ માંથી એકપણ ઉમેદવાર પસંદ ન હોય નોટાનો ઉપયોગ કર્યો હતો. જો કોઈ ઉમેદવાર પસંદ ન હોય તો મતદારો નોટામાં મત આપી શકે તેવી ચૂંટણી પંચ દ્વારા વ્યવસ્થા કરાઈ છે. દરમ્યાન જૂનાગઢ લોકસભા બેઠક ઉપર ૧૪,૦૧૩ લોકોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. આમાં સૌથી વધુ નોટામાં મત ઉના વિધાનસભામાં ૨,૫૨૮ પડ્યા હતા. જ્યારે સૌથી ઓછા નોટામાં મત પોસ્ટલ બેલેટ પેપરમાં ૫૭૯ પડ્યા હતા. વિધાનસભા વાઈઝ જોતા જૂનાગઢમાં ૨,૧૪૬, વિસાવદરમાં ૧,૬૨૨, માંગરોળમાં ૧,૫૬૪, ગિર સોમનાથમાં ૧,૯૮૧, તાલાલામાં ૧,૪૯૩, કોડીનારમાં ૨,૧૦૦, ઉનામાં ૨,૫૨૮ લોકોએ નોટામાં મત નાંખ્યા હતા. જ્યારે પોસ્ટલ બેલેટમાં પણ ૫૭૯ લોકોએ નોટામાં મત નાંખતા નોટામાં પડેલા કુલ મતની સંખ્યા ૧૪,૦૧૩ થઈ હતી.

# બેંક સાથે ૮૩ લાખની છેતરપિંડીના ગુનામાં કેશિયરને જામીન ન મળ્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢની એક બેંક સાથે ૮૩ લાખની છેતરપિંડીના ગુનામાં બેંકના કેશિયર આશિષ મનહરભાઈ ટાટમીયા(ઉ. ૩૩, રે. કાળવાના કાંઠા પાસે) હાલ જેલ હવાલે છે. તેણે પોતાની જામીન અરજીમાં એવી દલીલ કરી હતી કે, આ ગુનાનો મુખ્ય આરોપી રાજ મણિયાર અગાઉ પૈસા પોતાના શર્ટમાં રાખી જતો રહ્યો હતો. આ વાત પોતે તેની બ્રાન્ચના નિલેશભાઈ કરમુરને કરી હતી. એવા એકમાત્ર કારણસર પોતે આરોપીને મદદ કરી હોવાની વાત ખોટી જણાવી છે. રાજ મણિયારે પોતાના નિવેદનમાં એવું જણાવ્યું હતું કે, પોતે તેને મદદ કરી હતી અને જરૂર પડે ત્યારે પૈસા લઈ જતો. પણ આવી કોઈ રકમ પોતે લીધી નથી. પોતાના એકાઉન્ટમાં પણ આવી રકમ જમા થઈ નથી. આની સામે જિલ્લા સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, જ્યારે ચેક ક્લિયર થવા માટે ગયો ત્યારે એકજ સહી હતી. ચેક આપનાર હાજર નહોતા તો પણ રકમ આપી દીધી હતી. હાલના આરોપીએ મેળાપીપણામાં ફ્રોડ કર્યો છે. ચેકની આગળ પાછળ સહી ન હોવા છતાં અને ૫૦ હજાર કરતાં વધુ રકમ હોવા છતાં આરોપીએ ૧૫ લાખથી વધુ રકમ કેશ વીડ્રોલ કરવામાં મદદરૂપ થયો છે. આથી છઠ્ઠા એડી. સેશન્સ જજ આર. ડી. પાંડેએ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

## સત્યમ સેવા યુવક મંડળ દ્વારા રાહત દરે ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫


જૂનાગઢની જાણીતિ સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા તારીખ ૫-૬-૨૦૨૪ને બુધવારથી સમય સાંજના ૬થી ૮ વાગ્યા સુધી અંબિકા ચોક ખાતે સત્યમ સેવા યુવક મંડળના હોલમાં જ્યાં સુધી ચોપડાનો સ્ટોક હશે ત્યાં સુધી રાહત દરે કરવામાં આવશે. જૂનાગઢની જરૂરિયાતમંદ પરિવારના બાળકો માટે રેશનકાર્ડ બતાવી રાહત દરે ચોપડા મેળવી લેવા સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસની યાદીમાં જણાવવામાં આવે છે.

## સોનારડી નજીક અકસ્માતમાં એકનું મૃત્યું

જૂનાગઢ તા. ૫

માંગરોળ (હાલ જૂનાગઢ) ખાતે રહેતા મુળજીભાઈ માંડણભાઈ બડવા (ઉ.વ. ૬૪) મોટર સાયકલ લઈને જતાં હતાં ત્યારે ઈવનગર રોડ ઉપર સોનારડી નજી કોઈ જનાવર આડુ આવતા તેની સાથે ગાડી ભટકાતા માથાનાં ભાગે ઈજા થવાથી મૃત્યું પામેલ છે.


પર્યાવરણની જાળવણી આપણી જવાબદારી
હાથી સિમેન્ટનો વપરાશ આપની સમજદારી



હાથી® સિમેન્ટ
સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. રાણાવાવ

શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફ્લોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેન્ટ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
મો. ૭૪૨૭૪ ૨૬૩૧૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪ રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૯૨ ૨૪૦૯૪

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર,

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨